
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ ’૭૧



૧૯૭૫માં બનેલી ‘આક્રમણ’ ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: ‘દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.’

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ૩-૧૨, ૧૯૭૧ઃ આ તારીખોએ ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ડિસેમ્બર ૩, ૧૯૭૧ના રોજ નમતી સાંજ હતી. પાર્લામેન્ટ હાઉસના લીલી જાજમવાળા પ્રાંગણમાં તત્કાલીન રાષ્ટ્રપતિ વી. વી. ગિરિ તેમજ કેબિનેટના પ્રધાનો ચા-નાસ્તા માટે ભેગા થયા હતા. ખુરશીઓ ગોઠવીને સરસ મોટું વર્તુળ રચવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનનું કારણ એ કે Public Accounts Committee સ્થપાયાને ૫૦ વર્ષ પૂરાં થયાં હતાં; એટલે કે ગોલ્ડન જ્યુબિલીનો અવસર હતો.

અમુક કિલોમીટર દૂર પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરોની વિશાળ રૂમમાં પત્રકારો જમા થવા માંડ્યા હતા. કેટલાક મહિનાઓ થયે બાંગલાદેશના કટોકટીભર્યા સંજોગો અંગે અને ખાસ કરી ત્યાંની લશ્કરી સ્થિતિ અંગે રોજ સાંજે ૬:૦૦ વાગ્યે પત્રકારોને અગાઉ વીતેલા ૨૪ કલાકો દરમ્યાન બનેલી ઘટનાઓનું ‘બ્રિફિંગ’ સરકાર દ્વારા આપવાનો ધારો હતો. બાંગલાદેશમાં એટલે કે પૂર્વ પાકિસ્તાનમાં માર્ચ ૨૫, ૧૯૭૧ બાદ ઇસ્લામાબાદના મુખ્યત્વે પઠાણો, હઝારા, પંજાબી તેમજ આફ્રિદી સૈનિકોએ બંગાળી મુસ્લિમો પર જંગાલિયતભર્યા અત્યાચારો ગુજારવાનું શરૂ કર્યું હતું. પરિસ્થિતિ ધીમે ધીમે યુદ્ધના દારૂગોળામાં તણખો ઝરવા તરફ વણસી રહી હતી, એટલે સરકાર દ્વારા અપાતું પ્રત્યેક દૈનિક ‘બ્રિફિંગ’ સાંભળવા પત્રકારો આતુર રહેતા હતા.

ઘડિયાળના કાંટાએ ૬:૦૦ નો સમય બતાવ્યો. એ જ વખતે સાયરનની કિકિયારીના અવાજે દિલ્હીના વાતાવરણને ગજાવ્યું અને તે અવાજ ક્યાંય સુધી ચાલુ રહ્યો. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરોમાં હાજર રહેલા પત્રકારો મૂંઝાયા કે સાયરનનો અવાજ રેડ એલર્ટ / Red Alert ની ક્વાયત માટે હતો કે પછી તે કિકિયારી યુદ્ધ ફાટી નીકળ્યાનું એલાન કરી રહી હતી?

કેટલીક મિનિટો વીતી. બ્યૂરોમાં સરકારના પ્રવક્તાએ સૌને ચોંકાવી દેતી સ્પષ્ટતા કરી કે યુદ્ધનો ભડકો સળગ્યો હતો. પાકિસ્તાની વાયુસેનાનાં અનેક વિમાનોએ ૫ શ્રિમ ભારતનાં જુદાં જુદાં ઍરબેઝ પર આક્રમણ કર્યું હતું. થોડી વાર પછી ઑલ-ઇન્ડિઆ રેડિયોએ પણ ધ્રાસ્કો પાડી દેતા એ જ સમાચારનું પ્રસારણ કર્યું, ઓર પંદરેક મિનિટો વીતી અને સમગ્ર દિલ્હીમાં અંધારપટ વ્યાપ્યો. મુંબઇ, અમદાવાદ, જામનગર, ચંદીગઢ, અમૃતસર, જોધપુર વગેરે શહેરો પણ સરકાર દ્વારા કરાયેલા પાવરકટને લીધે અંધકારમાં ડૂબ્યાં.

પાકિસ્તાન વાયુસેનાએ ભારત દ્વારા કશી જ લશ્કરી હિલચાલ ન કરાયા છતાં આપણાં સંખ્યાબંધ ઍરબેઝ પર બોમ્બ વરસાવ્યા એ વખતે સમય 4:45 નો હતો. પાકિસ્તાને જાણીબૂઝીને એ સમય નક્કી કર્યો હતો, જેથી ભારતીય વાયુસેના પ્રતિકારક હુમલા માટે તૈયારી કરે અને તેનાં વિમાનો પાકિસ્તાનનાં ઍરબેઝ પર ત્રાટકવા નીકળે અને ૨૦-૨૫ મિનિટે કે ૩૦ મિનિટે પાક ઍરબેઝ સુધી પહોંચે ત્યાં સુધીમાં રાત પડી ચૂકી હોય અને ભારતીય ફાઇટર-બોમ્બર્સ એ વાતાવરણમાં પ્રભાવી ઍટેક કરી શકે નહિ.

દુશ્મનો ચડી આવ્યાં ત્યારે વડા પ્રધાન ઇન્દિરા ગાંધી નવી દિલ્લીમાં ન હતાં. કલકત્તા (કોલકાતા) માં તેઓ મોટા જનસમુદાયને બાંગલાદેશમાં પાક હરકતો અંગે સંબોધી રહ્યાં હતાં. વડા પ્રધાનનો અંગત મદદનીશ એ વખતે મંચ પર તેમની પાસે ગયો અને પાકિસ્તાને આખરે યુદ્ધ છેડ્યાના સમાચાર તેમને આપ્યા. વડા પ્રધાનને તે માનવાલાયક ન લાગ્યા, એટલે તેમણે પાકી તપાસ કરી તાત્કાલીક હાજર થવા મદદનીશને સૂચના આપી. તપાસ પછીયે સમાચાર એ જ હતા. ભારતના તત્કાલીન સંરક્ષણ મંત્રી બાબુ જગજીવનરામ પણ ભારતને માથે ઓચિંતી આવી પડેલી કટોકટીની એ



| એરબેઝનું નામ | રાજ્યનું નામ |
|---|---|
| અવંતીપુર | કાશ્મીર |
| શ્રીનગર | કાશ્મીર |
| અંબાલા | હરિયાણા |
| અગરતલા | ત્રિપુરા |
| આગ્રા | ઉત્તર પ્રદેશ |
| અમૃતસર | પંજાબ |
| ચંડીગઢ | પંજાબ |
| બરીદકોટ | પંજાબ |
| ફિરોઝપુર | પંજાબ |
| પઠાણકોટ | પંજાબ |
| જોધપુર | રાજસ્થાન |
| ઉત્તરલાઈ | રાજસ્થાન |
| ઓખા | ગુજરાત |


ક્ષણે નવી દિલ્હીને બદલે બિહારના પટણામાં હતા. વરિષ્ઠ કક્ષાના બીજા કેબિનેટ સભ્ય નાણામંત્રી યશવંતરાવ ચૌહાણ થોડીજ વાર પહેલાં મુંબઈ જવા રવાના થયા હતા.

ઇઝરાયેલની માફક પાકિસ્તાન blietzkrieg / અણચિંતવ્યા વિદ્યુતવેગી આક્રમણનો દાવ ખેલી ભારતીય વાયુસેનાની લડાયક શક્તિને કમરતોડ ફટકો લગાવવા માગતું હતું, એટલે તેણે પશ્ચિમ સરહદે આપણાં બધાં જ મુખ્ય ઍરબેઝ પર સામટો હલ્લો બોલાવ્યો. અહીં કોઠામાં બતાવ્યા મુજબ સૂચિ ઘણી લાંબી હતી.

લડાઇ વહેલીમોડી ફાટી નીકળવાના ભણકારા મહિનાઓ થયે ભારતના સંરક્ષણ મંત્રાલયને સંભળાતા હતા, માટે ભારતીય વાયુસેના સંતર્ક હતી. સાધારણ રીતે કતારબંધ પાર્ક કરી રાખવામાં આવતાં સમગ્ર સ્કવૉડ્રનના વિમાનોને ત્યાંથી ખસેડી અંડરગ્રાઉન્ડ ભોયરાંમાં લાવી દેવાયાં હતા. આ કારણસર અમુક ઍરબેઝના માત્ર રન-વેને નુકસાન પહોંચ્યું. પાકિસ્તાનના હુમલાખોર વિમાનો જુદાં જુદાં ચાર પ્રકારનાં હતાં. આમાં ફ્રેન્ચ કંપની દિસોલનું Mirage-3 ફાઇટર-બોમ્બર તેની કલાકના ૨,૩૫૦ કિલોમીટરની તોખારી


PAF: Mirage - 3

ઝડપ અને ૪,૦૦૦ કિલોગ્રામના બોમ્બ સહિત અનેક શસ્ત્રોનું વહન કરી શકવાની ક્ષમતાને લીધે અત્યંત મારકણું ગણાતું હતું. ઇઝરાયેલે પણ Mirage-3 વસાવ્યાં હતાં અને ૧૯૬૭માં આરબો સામેની Six-Day War નામના ઐતિહાસિક યુદ્ધમાં તરખાટપૂર્વક વાપર્યાં હતાં. પાકિસ્તાનનું બીજું આક્રમક વિમાન અમેરિકા દ્વારા ભેટ મળેલું F-104 Starfighter હતું, પણ ગ્રાઉન્ડ એટેક માટે તે યોગ્ય ન હતું. ત્રીજી કિસમનું વિમાન પણ અમેરિકા દ્વારા પાકિસ્તાનને તેના ભિક્ષાપાત્રમાં મળેલું F-86 સેબરજેટ હતું. કોરીઆના તથા બીજાં યુદ્ધોમાં એટલું સફળ નીવડેલું કે તેની ઉત્પાદક કંપનીએ બધું મળી ૯,૮૬૦ F-86 સેબર જેટ બનાવ્યા હતાં. નોંધવા જેવું છે કે ૧૯૬૫ના યુદ્ધ દરમ્યાન આપણા પઠાણકોટ ઍરબેઝ પર સેબર જેટે કરેલા હુમલાઓ અત્યંત ખુવારીજનક નીવડ્યા હતા. પાકિસ્તાનનું ભારત પર ચડી આવેલું ચોથું વિમાન B-57 Canberra મૂળ તો બ્રિટિશ બનાવટનું, પરંતુ


PAF: F 86 Sabre Jet

અમેરિકાએ ટેક્નોલોજિ ટ્રાન્સફરના લાઇસન્સ હેઠળ ૪૦૩ જેટલા B-57 Canberra નું પ્રોડક્શન ર્ક્યું હતું.

આ વર્ણન ભારત પર ૩જી ડિસેમ્બર, ૧૯૭૧ની સાંજે ચડી આવેલાં પાક વિમાનોના માત્ર પ્રકારોનું થયું; બાકી કુલ સંખ્યા ૩૫ થી ૪૦ હતી. ભારતનાં બારેક હવાઇ મથકો પર બોમ્બમારો કરવાનો હોય અને તેમના રેડાર, વિમાનો, રન-વે તથા ઍર ટ્રાફિક કન્ટ્રોલનો ખુરદો કાઢી નાખવાનો હોય ત્યારે ૩૫-૪૦ની સંખ્યા થકી કશો ભલીવાર વળે નહિ. 'પહેલો ઘા શૂરાનો' એ નિયમ અનુસાર ખરેખર તો પાકિસ્તાને ૮૦-૧૦૦ ફાઇટર-બોમ્બર વડે ગ્રાઉન્ડ ઍટેક કરવો જોઇએ. ન કર્યો એ બતાવે છે કે તેના વ્યૂહાત્મક આયોજનમાં પણ કશો ભલીવાર ન હતો.

ભારતીય હવાઇદળના વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ ઍર માર્શલ એમ. એમ. એન્જિનિયરે જણાવ્યું કે પાક હુમલો આપણને જખમ તો શું, ઘસરકોએ પહોંચાડી શક્યો નથી. બીજી તરફ પાકિસ્તાને હુમલાની થોડી કિંમત ચૂકવવી પડી, કેમ કે ભારતની L/40 વિમાનવિરોધી તોપોએ તેમજ નેટ / Gnat ફાઇટર જેટે ત્રણ પાકિસ્તાની વિમાનોને તોડી પાડ્યાં.


PAF: B-57 bomber

એક પ્લેન જાલંધર નજીક હલવાડા પાસે તૂટ્યું, બીજું અમૃતસર નજીક અને ત્રીજું હુમલાખોર તેને ભારતીય એન્ટિ-ઍરક્રાફ્ટ તોપનો ગોળો વાગ્યા બાદ સરહદની પેલે પાર પાકિસ્તાનમાં ઊંચાઇ ગુમાવીને એકધારું પતન પામી રહેલું જોવા મળ્યું.

હવાઇ આક્રમણ થયાના કેટલાક સમય બાદ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ ઑલ-ઇન્ડિઆ રેડિયો પર રાષ્ટ્રજોગ પ્રવચન કર્યું.

*'આપણા દેશ પર તેમજ દેશના નાગરિકો પર જબરી આપત્તિ આવી પડ્યાના સમયે હું આપને સંબોધી રહી છું. થોડા કલાક અગાઉ, 5:30 પછી તરત, ડિસેમ્બરની ત્રીજી તારીખે પાકિસ્તાને આપણા પર વ્યાપક યુદ્ધ ઠોકી બેસાડ્યું. પાકિસ્તાન ઍર ફોર્સે અચાનક જ આપણાં અમૃતસર, પઠાણકોટ, શ્રીનગર, અવંતીપુર, ઉત્તરલાઇ, જોધપુર, અંબાલા તથા આગ્રા ઍરફીલ્ડ પર હુમલો કર્યો. પાકિસ્તાનનું ભૂમિદળ આપણા સુલેમાનકી, ખેમ કરણ, પૂંચ અને બીજાં ક્ષેત્રો ઉપર તોપમારો કરી રહ્યું છે.*

*'ગયા માર્ચથી આપણે બહુ મોટો બોજો વેઠી રહ્યા છીએ... અનેક દેશોને શાંતિમય નિરાકરણ લાવવા માટે તેમજ (બાંગલાદેશમાં) જનસંહાર રોકવા માટે સમજાવી રહ્યા છીએ, પરંતુ આખી દુનિયાએ અવગણના કરી છે. પરિસ્થિતિ બગડવાની એ નક્કી હતું અને હવે આજે બાંગલાદેશનું યુદ્ધ ભારતનું યુદ્ધ બની ગયું છે. મારા શિરે, સરકારના શિરે તેમજ નાગરિકોના શિરે બહુ મોટી જવાબદારી આવી પડી છે, પણ આપણે ગમે તે મુસીબતને પહોંચી વળવા તૈયાર છીએ. આજે માત્ર દેશની સુરક્ષા માટે નહિ, પરંતુ મૂળભૂત આદર્શો માટે લડત આપવાનો વખત આવ્યો છે. હુમલાનો જોરદાર પ્રતિકાર કરાશે અને સંપૂર્ણ એકતા તેમજ મક્કમતા સાથે કરાશે.'*

રાત્રે ૧૧:૦૦ વાગ્યે રાષ્ટ્રપતિ વી. વી. ગિરિએ રાજ્યબંધારણના અનુચ્છેદ ૩૫૩ હેઠળ રાષ્ટ્રીય ઇમર્જન્સી જાહેર કરતો વટહુમક બહાર પાડ્યો. અગાઉ ચીની આક્રમણ વખતે ઑક્ટોબર ૨૬, ૧૯૬૨ના રોજ આવો વટહુકમ જારી કરાયો હતો અને તે પાકિસ્તાને ૧૯૬૫માં આક્રમણ કર્યું ત્યાં સુધી અમલમાં રહ્યો હતો. ઇમર્જન્સી જાહેર કરાયાને બધા રાજકીય પક્ષોએ સમર્થન આપ્યું.


વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ ઍર માર્શલ એમ. એમ. એન્જિનિયર

હવાઇ આક્રમણનો વળતો જવાબ આપવામાં ભારતે સહેજ પણ વિલંબ કર્યો નહિ. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની એજ રાત્રે ૧૧:૫૯ વાગ્યે ભારતનાં Hunter, Sukhoi-7, Canberra બોમ્બર તથા MiG-21 વિમાનો સરહદપાર જવા રવાના થયાં અને પાકિસ્તાનના શેરકોટ, મીયાંવાલી, સરગોધા, મસરૂર અને લ્યાલપુરના રિસાલવાલા સહિત પોણો



PAF : F-104

ડઝન ઍરબેઝ પર રોકેટો, બોમ્બ અને 30 mm ની તોપ વડે હલ્લો બોલાવ્યો. સરગોધાના રન-વેને ભારે નુકશાન પહોંચાડ્યું. કચ્છની સહેજ ઉત્તરે આવેલા બદીન નામના પાક ઍરબેઝનું રેડાર તોડી નાખ્યું. બાંગલાદેશમાં તે મોરચે કુલ આઠ પાકિસ્તાની સૅબર જેટને જમીન પર જ ફૂંકી દીધાં. આઠ પૈકી ચાર વિમાનો ઢાકા પાસે નષ્ટ થયા, ત્રણ જેસોર નજીક અને છેલ્લું એક પ્લેન બાંગલાદેશમાં જ ક્યાંક શિકાર બન્યું પણ તે સ્થળ અંગે ભારતીય વાયુસેનાએ સ્પષ્ટ જાહેરાત કરી નહિ. સ્થળનું કશું ભૌગોલિક ઓળખચિહ્ન ન હતું. જણાવવાનું થાય કે આઠ વિમાનો બાંગલાદેશના મોરચે નાકામ બન્યાં, કેમ કે યુદ્ધનો એ મોરચો પણ ખૂલી ચૂક્યો હતો. ભારતીય ફાઇટર-બોમ્બર્સે રાતભર હુમલાઓ ચાલુ રાખ્યા. બધું મળીને કુલ ૧૭૦ વખત ગ્રાઉન્ડ ઍટેક કર્યા. બાંગલાદેશમાં ઢાકા સહિત ૧૧ ઍરબેઝ વાપરવાલાયક ન રહ્યાં. રાત્રિ દરમ્યાન ભારતીય હવાબાજોએ કુલ ૩૩ પાક વિમાનોનો ભોગ લીધો, જેમાં ૧૯ વિમાનો પશ્ચિમ પાકિસ્તાનનાં હતાં અને ૧૪ બાંગલાદેશમાં હતા. એક વર્લ્ડ રેકોર્ડ ખાસ નોંધવો રહ્યો. ફ્રાન્સની બનાવટનું Mirage-3 અગાઉ કદી ડોગફાઇટમાં હાર્યું ન હતું, પણ ભારતીય પાઇલટે આકાશી દ્વંદ્વયુદ્ધમાં પાકિસ્તાનના તે પ્લેનને તોડી પાડ્યું. આ બનાવ પહેલીવારનો હતો.


ભૂમિમોરચે સંઘર્ષ હજી જામ્યો ન હતો, પણ રસાકસી પ્રતિક્લાકે વધી રહી હતી. ભૂમિયુદ્ધમાં શરૂઆત મુખ્યત્વે તોપમારા વડે થાય, કેમ કે લોંગ-રેન્જ તોપો શત્રુના સૈન્યને ખોખરું કરી કમજોર પાડે એ પછી રણગાડીઓ મેદાને પડે અને રણગાડીઓ પાછળ બખ્તરિયા સૈનિકવાહનો આમનેસામનેના યુદ્ધ માટે રણમેદાન તરફ જવાનું શરૂ કરી દે.

■

આ દરમ્યાન સમુદ્રી મોરચે ભારતીય નૌકાદળની તવારીખમાં અભૂતપૂર્વ મિશનનું પ્રકરણ લખાવાનો પહેલો અક્ષર ઘૂંટાઇ ચૂક્યો હતો અને બહુ જ લાંબી સાહસકથા ત્યાર પછી મંડાવાની હતી. મિશન પાકિસ્તાનના કરાંચી બંદરનું ધનોતપનોત કાઢી નાખવા માટેનું હતું અને તે હોલિવૂડની ભલભલી war movie ને ઝાંખી પાડી દે તેવું હતું. 'સફારી'ના અમુક વાંચકો તે મિશન અંગે પરિચિત છે, કેમ કે થોડાં વર્ષ પહેલાં 'એક વખત એવું બન્યું' વિભાગમાં તેનું વર્ણન આપી ચૂક્યા છીએ. 'સફારી'નો મર્યાદિત ફેલાવો જોતાં લાખો યા કરોડો વાંચકો તેનાથી વંચિત છે, માટે તે આખું પ્રકરણ અહીં ફરી વખત રજૂ કરીએ છીએ. ●


ગણિતના નામે ગેલ કરાવતું
પાંડિત્ય અને પીંજણ વગરનું પુસ્તક

ફરી પ્રગટ થઇ ગયું છે!




માત્ર ગુજરાતીમાં નહિ, ભારતની બીજી એકેય ભાષામાં 'મેથેમેજિક' જેવું પુસ્તક આજ દિન સુધી પ્રગટ કરાયું નથી.


આજે નહિ, અત્યારે જ બૂક સ્ટોલની મુલાકાત લો અને 'મેથેમેજિક'ની નકલ વસાવી લો. અથવા ઘરબેઠા તરત મેળવી લેવા અમારી વેબસાઇટની મુલાકાત લો.

લેખક : નગેન્દ્ર વિજય

પાનાં : 216

કિંમત : રૂા. 350/-

https://www.harshalpublications.in/shop/books/mathemagic



Western Sector /
પશ્ચિમ મોરચો
અફઘાનિસ્તાન
પાકિસ્તાન
ભારત
તીથવાલ
મુઝફ્ફરાબાદ
ઉરી
દ્રાસ
કારગીલ
શ્રી નગર
હાજીપીર ઘાટ
પેશાવર
ઈસ્લામાબાદ
પૂંચ
કોટલી
મેનધાર
રાજૌરી
મીરપુર
નૌશેરા
છામ્બ
જેલુમ
જમ્મુ
સિઆલકોટ
સમ્બા
પઠાણકોટ
વાંચા
ઝફરવાલ
શકરગઢ
સર્ગોઢા
નારોવાલ
ડેરા બાબા નાનક
અજનાલા
લાહોર
અટારી
અમૃતસર
લ્યાલપુર
(રિસાલવાળા)
કાસુર
ખેમ કરણ
સેલ્જરા
હૂસૈનીવાલા
અંબાલા
મોન્ટગોમેરી
ફિરોઝપુર
શોરકોટ
(રફીક)
સુલેમાન કી
હવેલી
ફાઝીલ્કા
હલવારા
મુલ્તાન
અબોહર
ફરીદકોટ
ક્રિસ્ટીઅન
મંડી
સીરસા
ગંગાનગર
ફોર્ટ અબ્બાસ
અનુપગઢ
રહીમયારખાન
ભાઈખાનાવાલા
ખું
બીકાનેર
ઈસ્લામગઢ
સુક્કર
ગુબૈર
તનોટ
રામગઢ
લોન્જેવાલા
ઘોટારુ
જૈસલમેર
નવાબશાહ
જોધપુર
ગઢ્રા રોડ
હૈદરાબાદ
નયા ચોર
મીરપુર
ખાસ
ગઢ્રા
બાડમેર
(ઉત્તરલાઈ)
ચાચ્રા
વીરાવાહ
બદીન
(સિગ્નલ યુનિટ)
નગર પારકર
છાડ બેટ
ઉદયપુર
ભારત પર એટેક કરેલ સ્થળો
પાક એરબેઝ
પાક એરસ્ટ્રીપ

# ડિસેમ્બર ૩-૪, ૧૯૭૧ની મધરાતે ભારતીય નૌકાદળની મિસાઇલ બોટ ટુકડીએ જ્યારે પાક નૌકાબંદર કરાંચીને ધમરોળી નાખ્યું

**આ જોખમપૂર્ણ સાહસ અગાઉ સંક્ષિપ્તમાં જરૂર આલેખાયું છે, પણ આજે તેનાં ૫૦ વર્ષ પૂરાં થવા નિમિત્તે અહીં તેનો ઝણઝણાવતો પળે પળનો ચિતાર સવિસ્તાર રજૂ થાય છે. ભારતીય શૂરવીરોનું બેજોડ પરાક્રમ કોઈ થ્રિલર ફિલ્મ જેવું લાગે, પણ જુદું છે--કેમ કે વાસ્તવિક ઘટનાનું છે**

ભારતના સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત સચિવે નવી દિલ્લી ખાતે નૌકાદળના હેડક્વાર્ટર્સ પર સીલબંધ પરબીડિયું મોકલ્યું. અંદરનો ગોપનીય પત્ર તત્કાલીન નૌકાસેનાપતિ એડમિરલ ભાસ્કર સદાશિવ સોમણ માટે હતો. પત્ર વાંચીને એડમિરલ સમસમી રહ્યા. આગલે દિવસે (સપ્ટેમ્બર ૧, ૧૯૬૫ના રોજ) પાકિસ્તાને કાશ્મીરના છામ્બ પર હુમલો કર્યો તે સાથે યુદ્ધ ફાટી નીકળ્યું હતું. હવાઈ મોરચો ખૂલ્યો હતો. ભૂમિના મોરચે પણ કાશ્મીર બાદ પંજાબ અને રાજસ્થાન સરહદે તોપો ગર્જવા માંડી હતી. એડમિરલ ભાસ્કર સોમણ પણ તેમના નૌકાદળને યુદ્ધમાં ઉતારવાની તૈયારી કરતા હતા, પણ સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત સચિવે પત્રમાં મનાઇહુકમ ફરમાવેલો કે નૌકાદળે તેનાં યુદ્ધજહાજોને સૌરાષ્ટ્રથી ઉત્તરે મોકલવાં નહિ.

આ ભીરુતાસૂચક પ્રતિબંધે એડમિરલ સોમણને ધૂંઆપૂંઆ કરી મૂક્યા. મોટરકાફલા સાથે એ જ વખતે તેઓ રક્ષાભવન પહોંચ્યા અને સંરક્ષણ પ્રધાન યશવંત રાવ ચવાણને મળ્યા. (વાર્તાલાપ કદાચ મરાઠીમાં જ થયો હોય તો કહેવાય નહિ). ચવાણે નૌકાસેનાપતિના થનગનાટ પર ઠંડું પાણી રેડ્યું એટલે સેનાપતિએ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની મુલાકાત લીધી. ૧૯૬૫નું ભારત-પાક યુદ્ધ શાસ્ત્રીજીને દૃઢ સંકલ્પી નેતા સાબિત કરવાનું હતું, પણ એડમિરલ ભાસ્કર સોમણને એમની કૃતનિશ્ચયતાનો લાભ ન મળ્યો. શાસ્ત્રીજીનું વલણ ઘડીકમાં માનવાજોગ ન જણાય એવું હતું. ભારતીય નૌકાદળ માટે તેમણે સૌરાષ્ટ્રની ઉત્તરના દરિયામાં કરફ્યૂ ઓર્ડર લાગુ રાખવા ઉપરાંત એડમિરલને સ્પષ્ટ આદેશ કર્યો કે તેમણે એ બાબતમાં રાષ્ટ્રપતિને (એટલે કે દેશના બંધારણીય સર્વોચ્ચ સેનાપતિને) મળવું નહિ.

લડાઈમાં ભારતીય નૌકાદળ લગભગ નિષ્ક્રિય રહેવાનું છે એવા વાવડ પાકિસ્તાનના નૌકાદળને સંભવતઃ પહોંચી ગયાનું સૂચવતો બનાવ સપ્ટેમ્બર ૭, ૧૯૬૫ની રાત્રે બન્યો. કરાંચીથી તેનો મોટો નૌકાકાફલો ૨૦૦ કિલોમીટર છેટેના દ્વારકા નજીક પહોંચ્યો અને ૧૧:૫૫ વાગ્યે દ્વારકા પર ગોલંદાજી શરૂ કરી, જે ૨૦ મિનિટ ચાલી. હુમલાખોર નૌકાબેડો ૭ યુદ્ધજહાજોનો બનેલો હતો. વધુમાં 'ગાઝી' નામની (અમેરિકાએ ભેટ આપેલી) સબમરીન પણ હતી. કોઈ જબરજસ્ત ફૌજી લક્ષ્યનો સર્વનાશ કરવાનો હોય તો જ આવડો મોટો કાફલો જોઈએ, પરંતુ દ્વારકામાં રેડારયંત્ર સિવાય તાકવા જેવું બીજું કશું જ ન હતું. આથી ધારી

*૧૯૬૫ના યુદ્ધ વખતે એડમિરલ સોમણના શિરે કશી કામગીરી આવી નહિ. આ સ્થિતિ નૌકાદળના એ સેનાપતિ માટે અસહ્ય હતી*



લેવું પડે કે પાકિસ્તાને ભારતીય નૌકાદળની હાંસી ઊડાવી તેને નિર્માલ્ય ઠરાવવા દ્વારકા પર તોપગોળા ફેંક્યા હતા.

પાક તોપોનો બોમ્બમારો ભરાવદાર ગુલદસ્તાઓની વર્ષા કરતાં બહુ ચડિયાતો ન હતો. ઘણાખરા ગોળા દ્વારકાધીશ મંદિર અને રેલવે સ્ટેશનની વચ્ચે નરમ માટીવાળી ખુલ્લી જગ્યા પર પડ્યા અને ખુવારીના નામે માત્ર એક ગાયનો ભોગ લીધો. દીવાદાંડીથી રેલવે સ્ટેશન લગભગ ૩ કિલોમીટરના અંતરે હતું. (જુઓ, નકશો). બીજે દિવસે નૌકાદળે પરિસ્થિતિ તપાસવા માટે 'તલવાર' નામની ફ્રિગેટ મનવારને દ્વારકા મોકલી, જેના કેપ્ટન (કમાન્ડર) વી. એ. ધારેશ્વરે તથા અફસરોએ પગપાળા સર્વેક્ષણ દરમ્યાન જોયું કે આશરે ૪૦ તોપગોળા ફૂટ્યા વગરના પડ્યા હતા. ફૂટવાયોગ્ય પણ ન હતા, કેમ કે દરેક પર INDIAN ORDNANCE એવું માર્કિંગ હતું. ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા તે પહેલાંના હતા. વિભાજન થયું ત્યારે પાકિસ્તાનના ફાળે ગયા હતા. અઢાર વર્ષ જૂના દારૂગોળાનું રાસાયણિક બંધારણ સારો એવો ક્ષય પામી વિઘટિત બન્યું હોય, એટલે તેનો વિસ્ફોટ ન થયો એ સમજી શકાય એવી વાત હતી.




ન સમજાય એવા બે પ્રશ્નો જરા ગંભીર હોવાને કારણે અહીં નોંધવા જરૂરી છે : (૧) લાલ બહાદુર શાસ્ત્રીની સરકારે આપણા નૌકાદળને દ્વારકાની ઉત્તરે ન જવાની સૂચના આપી તેના હાથપગ બાંધી દીધા તેનું કારણ આખરે શું હતું ? (૨) પાકિસ્તાની કાફલાએ દ્વારકા પર તોપમારો ચલાવ્યાની ગુસ્તાખી દાખવ્યા બાદ આપણી ઝડપી ફ્રિગેટ 'તલવાર'ના કમાન્ડર વી. એ. ધારેશ્વરે તે કાફલાને યુદ્ધ માટે લલકારવા તેનો પીછો કેમ ન કર્યો ?

પ્રથમ સવાલનો (દેખીતી રીતે પોકળ જણાય તેવો) જવાબ : ઇસ્લામી રાષ્ટ્ર ઇન્ડોનેશિયાએ શાસ્ત્રી સરકારને ચીમકી આપેલી કે ભારતીય નૌકાદળ જો પાકિસ્તાન સામે દરિયાઇ મોરચો ખોલે તો ઇન્ડોનેશિયન નૌકાકાફલો ભારતના આંદામાન-નિકોબાર દ્વીપસમૂહને હડપ કરી લેવા તૈયાર જ બેઠો હતો. આ ધમકીએ 'બહાદુર' નામવાળા શાસ્ત્રીને સહેજ (અને સંભવતઃ) ગભરાવી નાખ્યા. સાચે જ ફડકો પેઠો હોય તો તેનું કારણ (ફરી સંભવતઃ) એ કે મદ્રાસથી યાને ચેન્નઇથી આંદામાન-નિકોબારનો ફાસલો ૧,૪૦૦ કિલોમીટર અને Eastern Command/ પૂર્વીય કમાનના નૌકામથક વિશાખાપટ્ટણમ્‌થી તો ૧,૫૦૦ કિલોમીટર, જ્યારે ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના પશ્ચિમી 'ટેરવા' એસેહ દાસસલામથી ૧૫૦ કિલોમીટર કરતાં વધુ નહિ.

હવે બીજો સવાલ : દિલ્હી સરકારે (ગમે તે કારણસર) આપણા નૌકાદળ માટે દ્વારકાની ઉત્તરના અરબી સમુદ્ર પર ભલે સંચારબંધી ઠોકી બેસાડી, છતાં 'તલવાર'ના કમાન્ડર વી. એ. ધારેશ્વરની ફરજ નહોતી કે તેઓ દુશ્મનનો પીછો કરી તેની ગુસ્તાખીનો બદલો લે ? લશ્કરી મામલામાં નાગરિક સત્તા/ civilian authority એટલે કે સરકાર આપણા લોકતાંત્રિક બંધારણ મુજબ સર્વોપરી હોવા છતાં સૈનિકની પહેલી ફરજ પોતાના દેશ પ્રત્યે છે, સરકાર પ્રત્યે નહિ. લશ્કરી દળો આખરે છે શેના માટે ? બીજું, અહીં ભારતીય નૌકાદળ લડવા નહોતું નીકળ્યું, પરંતુ દુશ્મન કાફલાએ લડવા માટે પડકાર્યું હતું અને 'તલવાર'ના કમાન્ડરે તે પડકારને માત્ર ઝીલી લેવાનું પગલું ભરવાનું હતું. આમ કરવા જતાં 'સંચારબંધી'નો ભંગ થાય એ દ્વિતીયક/ secondary વાત હતી. ત્રીજું, ભારતની 'તલવાર' મામૂલી ફ્રિગેટ ન હતી. દરિયાઇ યુદ્ધ માટે ૪.૫''ના વ્યાસની ચાર મહાબલિ તોપો વડે સજ્જ હતી. તોપનો ૧ મેટ્રિક ટનનો ગોળો ૧૬ કિલોમીટર છેટે સુધીના લક્ષને તાકી શકતો હતો.

સંક્ષિપ્તમાં છેવટે એટલું જ નોંધવાનું થાય કે ૧૯૬૨ના ચીની આક્રમણ વખતે ભારતીય વાયુસેનાને નિષ્ક્રિય રાખવાની જે બાલિશ ભૂલ વડા પ્રધાન નેહરુએ કરી તે વડા પ્રધાન

શાસ્ત્રીએ આપણા નૌકાદળના હાથપગ બાંધી રાખીને કરી હતી. ૧૯૬૫માં ચીન પોતાની વાયુસેનાને કામે લગાડી શકે તેમ ન હતું, કેમ કે તેની પાસે તિબેટમાં (નેફા-લદ્દાખ સીમાડા પાસે કે સીમાડાથી બહુ છેટે પણ) એરબેઝ ન હતા. ભારતે તેનાં વામ્પાયર, તૂફાની તથા કેનેબેરા લડાયક વિમાનો દ્વારા ચીની લશ્કર પર બોમ્બમારો ચલાવ્યો હોત તો એ યુદ્ધમાં વિજય આપણને મળવાની પૂરી સંભાવના હતી. લાલ બહાદુર શાસ્ત્રીએ પાક નૌકાદળ કરતાં ચાર ચાસણી ચડિયાતા આપણા નૌકાદળને બંદરોમાં ગોંધી રાખી નેહરુની ભૂલનું પુનરાવર્તન કર્યું. ખરેખર તો પાક મનવારોને કરાંચી બંદરગાહમાં ગોંધી રાખવાની જરૂર (અને તાકાત પણ) હતી.

■

પાકિસ્તાનની ગણતરી ભારતના નૌકાદળને જો હાંસીપાત્ર બનાવવાની હોય તો તેનો એ મનસૂબો ફળ્યો, કેમ કે યુદ્ધ પછી આપણા નૌકાઅફસરો તથા નાવિકો અડોશપડોશમાં, લગ્નસમારંભોમાં, જન્મદિનની પાર્ટીમાં અગર તો ક્લબમાં જ્યાં ગયા ત્યાં તેમની પાસે યુદ્ધ દરમ્યાન નિષ્ક્રિયતા દાખવ્યાના ખુલાસા માગવામાં આવ્યા. બધે જ તેમણે નીચાજોણું વેઠવું પડ્યું.

લડાઈમાં સૈનિકને થયેલો ગંભીર શારીરિક જખમ વહેલોમોડો ભરાય, પરંતુ 'નિર્માલ્ય' શબ્દની ટાંકણી ભોંકાયાનો માનસિક ઘા જલદી રૂઝે નહિ. ૧૯૬૫ના યુદ્ધ દરમ્યાન આવો ઘા વળી એ ભારતદેશના નૌકાસૈનિકોએ વેઠવાનો થયો કે જેના સાગરસમ્રાટ કાન્હોજી આંગ્રે પાસે ૧૮૯ લડાયક જહાજો હતાં. આ જહાજોના કાફલા વડે તેણે મુંબઈના બારાને ઘેરો નાખી ત્યાં ચાલતો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો વેપાર બંધ કરાવી દીધો હતો.

મરાઠીમાં સારખેલ (admiral) બિરુદે ઓળખાતા કાન્હોજી આંગ્રેની યુદ્ધનીતિને જ અનુસરી ભારતીય નૌકાદળે ૧૯૬૫ના યુદ્ધ વખતે પાકિસ્તાનના એકમાત્ર નૌકાબંદર કરાંચીની નાકાબંધી શા માટે કરી નહિ ? વળી એ દુર્ભાગ્ય પણ કેવું કે મરાઠા સારખેલ કાન્હોજી આંગ્રેનું મૃત્યુ થયાનાં ૨૩૬ વર્ષ બાદ ૧૯૬૫માં આપણા નૌકાસેનાપતિ (સિંધિયાના ગ્વાલિયરમાં જન્મેલા) મરાઠી ભાસ્કર સોમણ હતા ! (સોમણની કારકિર્દી વિશે *'નૌસેને ચે સારખેલ'* વિશેષણ સાથે પુસ્તક મરાઠી ભાષામાં લખાયું છે). આ નૌકાસેનાપતિએ અધૂરાં અરમાનોના બોજા સાથે જ માર્ચ ૩, ૧૯૬૬ના દિવસે નિવૃત્તિ લીધી. પાકિસ્તાન સામે લાગલગાટ ૨૨ દિવસ સુધી ખેલાયેલા સંગ્રામમાં યશકીર્તિ મેળવવાની તક સરકારી પાબંદીના વાંકે ન મળી એ બદલ ભારતીય નૌકાદળના લગભગ બધા નાવિકો વર્ષો સુધી માયૂસીમાં રહ્યા.

■

ઈતિહાસે સુખદ 'યુ ટર્ન' લેવાનું શરૂ કર્યું એ દિવસ ઓક્ટોબર ૨૧, ૧૯૬૭નો હતો. પરિવર્તનના ચિત્રમાં ભારત ત્યારે પ્રત્યક્ષ રીતે સામેલ ન હતું. પ્રવેશ થવાને હજી વાર હતી. ૧૯૬૭માં મામલો એ વખતે ઈઝરાયેલ વિરુદ્ધ ઈજિપ્તનો હતો, જેમની વચ્ચે જૂન માસમાં Six-day War એવું લેબલ પામેલું ઐતિહાસિક યુદ્ધ ખેલાયું હતું. ઈઝરાયેલે ફક્ત છ દિવસમાં ઈજિપ્તની લશ્કરી કેડ ભાંગી નાખી હતી. ઈજિપ્તે કુલ ૪૧૬ વિમાનો ગુમાવ્યાં અને તેનાં ૨૫ એરબેઝ નાશ પામ્યાં. સૈનિક ખુવારી ૧૫,૦૦૦ કરતાં વધારે હતી.

*દ્વારકા પર હલ્લો બોલાવવા નીકળેલા પાક નૌકાકાફલાની સબમરીન 'ગાઝી' અને તેની પાછળ 'બાબર' નામની મનવાર*



ઈઝરાયેલના સો દિવસ પછી એક દિવસ ઈજિપ્તનો આવ્યો. યુદ્ધમંચ ભૂમધ્ય સમુદ્ર હતો. ઈઝરાયેલી નૌકાદળનું ‘ઈલાત’ નામનું યુદ્ધજહાજ ઈજિપ્તના પોર્ટ સઈદથી થોડા કિલોમીટર છેટે હંકારી રહ્યું હતું. ઈજિપ્તની રશિયન બનાવટની મિસાઈલ બોટ એ જ સમુદ્રી ક્ષેત્રમાં પેટ્રોલિંગ કરતી હતી. ક્ષિતિજ પર તેણે ‘ઈલાત’ને જોયું અને બરાબર ઓળખ્યા બાદ એન્ટિ-શિપ મિસાઈલ દાગ્યું. એન્ટિ-શિપ મિસાઈલનો ઘા ચૂકવવાનું લગભગ અશક્ય, કેમ કે નિશાન બનવાને નિર્માયેલા યુદ્ધજહાજ પાસે તે માટે પૂરતો સમય કે સ્ફૂર્તિ હોય જ નહિ. ‘ઈલાત’ના પડખામાં મિસાઈલે બારૂદી ધડાકા સાથેનો ફટકો માર્યો અને ગાબડું પાડી દીધું. ‘ઈલાત’નું નવું સરનામું ત્યાર પછી ભૂમધ્ય સમુદ્રનું સેંકડો ફીટ ઊંડું તળિયું હતું.

**ઈઝરાયેલના ૧,૫૫૦ ટનના બળૂકા યુદ્ધજહાજ ‘ઈલાત’ની તુલનાએ ઈજિપ્તની મિસાઈલ બોટનું વજન ત્રીસમા ભાગ જેટલું હતું. તુલનાત્મક કદ પણ મગતરાછાપ, છતાં મગતરાના એક જ પ્રહારે ‘ઈલાત’ને ભૂમધ્ય સમુદ્રના તળિયાનો રસ્તો દેખાડી દીધો !**

આ બનાવ યુદ્ધનિષ્ણાતોનાં વર્તુળોમાં ખૂબ ચર્ચાયો, કેમ કે મગતરાએ માતંગને મોત ફરમાવ્યું હતું. ‘ઈલાત’નું વજન ૧,૫૫૦ મેટ્રિક ટન હતું, જ્યારે મિસાઈલ બોટ ફક્ત ૫૪ મેટ્રિક ટનની હતી. ‘ઈલાત’ની ૧૧૦.૫ મીટર જેટલી લંબાઈની સરખામણીએ મિસાઈલ બોટની માંડ ૨૫.૪ મીટર એટલે કે ચોથા ભાગ કરતાંય ઓછી હતી. કોઈ સાગરસંગ્રામ અગાઉ કદી આવી પટકથા મુજબ લડાયો ન હતો. દરિયાઈ યુદ્ધને લગતા કેટલાક પરંપરાગત મંતવ્યોને તથા સિદ્ધાંતોને ‘ઈલાત’ની પાછળ ને પાછળ જળસમાધિ આપી દેવી પડે તેમ હતી.


શિકાર બનેલું ‘ઈલાત’


શિકારી મિસાઈલ બોટ

દુનિયાની પ્રથમ ટોરપિડો બોટ ૧૮૭૮ની સાલમાં બની અને તે પછી ૧૮૯૧માં આવી બોટના ટોરપિડો વડે ૩,૫૪૦ મેટ્રિક ટનનું પ્રથમ યુદ્ધજહાજ ડૂબ્યું ત્યારે સાગરસંગ્રામને નવું પાસુ ખીલ્યું. યુદ્ધનિષ્ણાતોના મનમાં ગુલાબી ખ્યાલ બંધાયો કે ટોરપિડો છોડાતા મોંઘા યુદ્ધજહાજના બજેટમાં તો પાંચ-સાત બોટ બનાવી શકાય તેમ હતી. ઘણા દેશોએ ટોરપિડો બોટના કાફલા રચ્યા, પણ બીજા વિશ્વયુદ્ધમાં તે બોટનાં કેટલાંક નબળાં પાસાં બહાર આવ્યાં. ટોરપિડો લાંબું અંતર ન કાપી શકે, તેથી હુમલા માટે તેણે દુશ્મનના યુદ્ધજહાજની બહુ નજીક જવું પડે અને ત્યાં સુધીમાં તો યુદ્ધજહાજની લોન્ગ-રેન્જ તોપો એ ટોરપિડો બોટને પતાવી દે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકાએ ૯૯ ટોરપિડો બોટ એ રીતે ગુમાવી દીધી. એક દુર્ભાગી બોટ PT-109, જેના કેપ્ટન જહોન એફ. કેનેડી સત્તરેક વર્ષ બાદ અમેરિકાના પ્રમુખ બન્યા.

વિશ્વયુદ્ધમાં સામ્યવાદી રશિયાને પણ આવો જ થોડોક ખટાશભર્યો અનુભવ થયો હતો. રશિયન નૌકાદળના અફસરોએ તેના અનુસંધાનમાં જે બોધપાઠ લીધો તેમાં એકમેક જોડે ટકરાતી બે મુખ્ય બાબતો હતી : (૧) પેટ્રોલિંગનું વત્તા પ્રહારનું કાર્ય બજાવતી ટચૂકડી બોટ દુશ્મન યુદ્ધજહાજ સામે જરાય લડી ન શકે, એટલે તેણે

દૂરના અંતરે રહીને જ ટોરપિડો છોડવો જોઈએ. (૨) ટોરપિડો માંડ ૪-૫ કિલોમીટરનું અંતર કાપી શકે, વધુ નહિ.

રશિયનોએ સાર તારવ્યો કે શસ્ત્ર તરીકે ટોરપિડો ન ચાલે. લાંબે સુધી વાર કરી શકતું જહાજવિરોધી/ anti-ship મિસાઈલ જોઈએ--એટલે કે ટોરપિડો બોટ નહિ, પણ મિસાઈલ બોટ જોઈએ. બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ સોવિયેત રશિયાએ આવી મિસાઈલ બોટ માટે ઈજનેરી પ્લસ ઈલેક્ટ્રોનિક યોજનાનો આરંભ કર્યો. એક નવી શ્રેણીની ટોરપિડો બોટ તે અરસામાં બની હતી. રશિયનોએ આવી નૌકા પર ટોરપિડોને બદલે મિસાઈલ ગોઠવવાનું વિચાર્યું.

સુખદ જોગે તે અરસામાં એન્ટિ-શિપ મિસાઈલ બનાવવાની સર્વપ્રથમ યોજના પણ સમાંતર ધોરણે ચાલી રહી હતી. સમાંતર ધોરણે તેમ યુદ્ધના ધોરણે પણ ખરી, કારણ કે અમેરિકાનાં વિમાનવાહક જહાજોની સંખ્યા વધી રહી હતી અને તે જહાજો પરનાં વિમાનો પરમાણુ બોમ્બની ડિલિવરી કરવાને સમર્થ હતાં. પરિણામે તરતાંફિરતાં એરબેઝ જેવાં તે જહાજોના ખતરાને પહોંચી વળવા સામ્યવાદી રશિયાને તાતી જરૂર હતી. ચારેક વર્ષ લાંબા સંશોધન બાદ એ જાતનું પહેલું મિસાઈલ આવિષ્કાર પામ્યું. રશિયનોએ પોતાની આદત મુજબ તેનું પીલાયેલી શેરડીના કૂચા જેવું લુખ્ખું નામ SS-N-2A રાખ્યું. ઘણાંખરાં શસ્ત્રોને તેઓ આવાં શુષ્ક નામો જ આપતા હતા. અમેરિકા, બ્રિટન, જર્મની વગેરે દેશોની NATO લશ્કરી છાવણી પોતાની સુવિધા ખાતર દરેક સોવિયેત શસ્ત્રનું જરા અર્થપૂર્ણ નામ પાડતી હતી. એન્ટિ-શિપ SS-N-2Aની વિનાશકતા અને લાંબી પહોંચ વિશે જાસૂસી બાતમી મળ્યા પછી એ મિસાઈલનું NATO/ નેટો પૂરતું નામ તો ગર્ભિત અર્થવાળું Styx/ સ્ટિક્સ પસંદ કર્યું. પૌરાણિક ગ્રીક દંતકથા અનુસાર વૈતરણી નદી સ્ટિક્સ કહેવાતી હતી. સદ્‌ગતોના આત્માને તે નદીના સામા કાંઠે પહોંચાડતા હોડીવાળાનું નામ પણ સ્ટિક્સ હતું. રશિયાના SS-N-2A માટે પશ્ચિમી NATO છાવણીએ યોગ્ય જ નામ પસંદ કર્યું, પણ એટલું કે તે મિસાઈલ બેડો પાર કરાવવાને બદલે દુશ્મનના બેડાને ડૂબાડવાને સર્જાયું હતું.



પૂરા ૫.૮ મીટર લાંબું સ્ટિક્સ દેખાવે ટ્રેઈનર વિમાન જેવું હતું. વિમાનની માફક તેને (ચિત્રમાં સંકોરેલી) પાંખો પણ હતી

આ પરચો સ્ટિક્સ મિસાઈલે ઓક્ટોબર, ૧૯૬૭ દરમ્યાન ભૂમધ્ય સમુદ્રમાં ઈઝરાયેલી નૌકાદળના પેલા 'ઈલાત' યુદ્ધજહાજને મરણતોલ ફટકો મારીને આપ્યો. દરિયાઈ યુદ્ધના દાવપેચનું બહુમાન્ય ચિત્ર સાવ બદલી નાખ્યું.

■

પરિવર્તિત ચિત્રમાં ભારતીય નૌકાદળનો પ્રવેશ થયો એ વર્ષ ૧૯૬૭નું હતું. એક રીતે જોતાં એમ પણ કહી શકાય કે ૧૯૬૪નું હતું. પંડિત નેહરુનું એ વર્ષે અવસાન થયા બાદ લાલ બહાદુર શાસ્ત્રીએ વડા પ્રધાનપદ સંભાળ્યું હતું. યશવંતરાવ ચવાણને સંરક્ષણમંત્રીના હોદ્દે યથાવત્ રખાયા હતા. નેહરુના શાસનકાળમાં જે લશ્કરી ધબડકાઓ થયા તેમનું પુનરાવર્તન શાસ્ત્રીજી રોકવા માગતા હતા અને તે માટે નવાં શસ્ત્રો ખરીદવાનું આવશ્યક હતું. આ હેતુસર ચવાણને તેમણે બ્રિટનની મુલાકાત લેવા સૂચના આપી. ભારત તોપો, મનવારો, વિમાનો, રણગાડીઓ વગેરે લગભગ સઘળાં પ્રકારનાં શસ્ત્રો માટે બ્રિટન પર આધાર રાખતું હતું. પાકિસ્તાનનું જીગરી અમેરિકા ભારતને બુલેટ સુધ્ધાં વેચે નહિ, જ્યારે લોખંડી પડદા/ iron curtain પાછળના દેશ તરીકેની નેગેટિવ છાપ ધરાવતા સામ્યવાદી રશિયાનાં શસ્ત્રો વિશે બહુ ઓછી વિગતો પ્રકાશમાં આવતી હતી. આમ છતાં વડા પ્રધાન શાસ્ત્રીએ રશિયાનો દાણો ચાંપી જોવા સંરક્ષણમંત્રી ચવાણને ભલામણ કરી કે લંડન જતી વખતે માર્ગમાં તેઓ મોસ્કો ખાતે રશિયનો સાથે પણ વાતચીત કરી જુએ.

ઓગસ્ટ ૨૮, ૧૯૬૪ના રોજ ચવાણ એર-ઈન્ડિયાની ફ્લાઈટ દ્વારા મોસ્કો ઉપડ્યા. તત્કાલીન નાયબ સેનાપતિ વાઈસ-એડમિરલ સરદારીલાલ નંદા, ડિફેન્સ પ્રોડક્શન

વિભાગના સચિવ એચ. સી. સરીન તથા ખુશ્કીદળના સેનાપતિ જનરલ જે. એન. ચૌધરી બે દિવસ અગાઉ મોસ્કો પહોંચી ચૂક્યા હતા. ડિફેન્સના મામલામાં ગુપ્તતાના દુરાગ્રહી રશિયનો ભારતને તેમનાં શસ્ત્રો વેચવા તૈયાર થાય એવી ઝાઝી આશા ભારતીય પ્રતિનિધિ મંડળને ન હતી, પરંતુ ત્યાંના સેનાપતિઓ જોડેની પહેલી જ બેઠકમાં જણાયું કે તેઓ શસ્ત્રો વેચવા તૈયાર હોવા ઉપરાંત તત્પર પણ હતા. ઊલટું, ભારતે ૧૯૬૩માં રશિયાનાં કેટલાંક MiG-21 વસાવ્યાં પછી બીજાં શસ્ત્રો માટે પૂછપરછ કરી ન હતી. સંરક્ષણમંત્રી યશવંતરાવ ચવાણના શોપિંગ લિસ્ટ પર સબમરીન મોખરાના સ્થાને હતી, એટલે તેને લગતા માર્ગદર્શન ખાતર વાઈસ-એડમિરલ સરદારીલાલ નંદાને પોતાની સાથે રાખ્યા હતા. રશિયનોએ લેનિનગ્રાદના (હવે સેન્ટ પીટર્સબર્ગના) સમુદ્રકિનારે Foxtrot શ્રેણીની સબમરીનમાં પ્રવાસ કરાવી તેની રચનાનો તથા કાર્યનો પણ ખ્યાલ આપ્યો. વાઈસ-એડમિરલ નંદાને એ શ્રેણીવાળી સબમરીનો ભારતીય નૌકાદળ માટે એકદમ યોગ્ય લાગી, એટલે ખરીદીની વાત પાકી બની.



વિદાયની આગલી રાત્રે રશિયનોએ યશવંતરાવ ચવાણના માનમાં યોજેલા ભોજન સમારંભમાં નંદાને હળવો આંચકો દેતી નવાજૂની પણ બની. રશિયાના છ-સાત વરિષ્ઠ નૌકાઅફસરો તેમને ઘેરી વળ્યા અને જાણે નંદાને ખખડાવતા હોય એવી બરછટ રીતે કહ્યું : 'અમારા નૌકાખાતા પાસે તમને ઉપયોગી નીવડી શકતાં બીજાં ઘણી જાતનાં શસ્ત્રો છે, પણ તમને લોકોને તેમાં એવી તે શી ઉણપો દેખાય છે કે ખરીદતા નથી ?' રશિયનોનું અશિષ્ટ વલણ નંદાને ગમ્યું નહિ, તેથી નકામી જીભાજોડી થાય એ કરતાં વાતને સલૂકાઈપૂર્વક વાળી લેવા તેમણે માત્ર એટલું જણાવ્યું કે, 'અમારા દેશના સંરક્ષણ બજેટમાં સિંહભાગ અનુક્રમે ભૂમિદળને તથા હવાઈદળને મળે છે. સૌથી ઓછી રકમ નૌકાદળના ફાળે આવે છે.'

રશિયન નૌકાઅફસરોની અશિષ્ટ રીતભાતનું પોઝિટિવ અર્થઘટન કરો તો એમાં ખુશીનો સંદેશ હતો. વર્ષોથી નૌકાશસ્ત્રોના વિષયમાં બ્રિટનની ઓશિયાળી તેમજ નફાખોરી વેઠતા ભારતીય નૌકાદળ માટે વિવિધ પ્રકારનાં આવાં બધાં રશિયન શસ્ત્રો FOR SALE હતાં અને ભાવ પણ ઓછો હતો. ડીઝલ-ઈલેક્ટ્રિક Foxtrot સબમરીનોની ખરીદી પછી વધુ બેએક જાતનાં શસ્ત્રો માટે કરાર થયા. એવામાં ઈજિપ્તની રશિયન-મેઈડ કોમાર/ Komar મિસાઈલ બોટે ઇઝરાયેલી ફ્રિગેટ 'ઈલાત'નો સિંગલ ફટકે નિવેડો લાવી દીધાનો ચમત્કૃતિ જેવો કિસ્સો બન્યો. ચોંકી ગયેલા અમેરિકાએ તરત પોતાના નૌકાદળ માટે એન્ટિ-શિપ મિસાઈલ બનાવવાનું કામ ત્યાંની મેક્ડોનેલ ડગ્લાસ કંપનીને સોંપ્યું. અમેરિકાના બગલબચ્ચા પાકિસ્તાને એટલી જ ત્વરાએ તે મિસાઈલની સોગાદ મેળવવા વોશિંગ્ટનના આંગણે ટહેલ નાખી--અને ભારતને ચિંતામાં નાખ્યું.

આપણા નૌકાદળની Western Command/ પશ્ચિમી પાંખના વડા વાઈસ-એડમિરલ એસ. એન. કોહલી તે અરસામાં મોસ્કો ગયા ત્યારે રશિયાના સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ સર્ગેઇ ગોર્શકોવને મળ્યા. (બાજુનો ફોટો). પાકિસ્તાનને જતે દહાડે મળી શકતા અમેરિકન મિસાઈલ સામે મુંબઈના બંદરગાહનું અને ખાસ તો બોમ્બે હાઈના તેલકૂવાનું સંરક્ષણ કરી શકે તેવા શસ્ત્ર અંગે પૂછ્યું. એડમિરલ ગોર્શકોવે જવાબ આપ્યો : 'આક્રમણનો દૃષ્ટિકોણ અપનાવો, સંરક્ષણનો નહિ !'

**આપણા નૌકાદળના ઐતિહાસિક વૃતાંતમાં ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધને લગતું જે યશસ્વી પ્રકરણ ત્રણેક વર્ષ બાદ સામેલ થવાનું હતું તેની પ્રસ્તાવના એડમિરલ સર્ગેઇ ગોર્શકોવે જાણે કે આગોતરી લખી નાખી**

ગજબનો જવાબ હતો. સ્પષ્ટ મતલબ એ થાય કે કરાંચીને નિશાન સમજો, મુંબઈને નિશાન બનવા ન દો. આપણા નૌકાદળના ઐતિહાસિક વૃતાંતમાં ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધને લગતું જે યશસ્વી પ્રકરણ ત્રણેક વર્ષ બાદ સામેલ થવાનું હતું તેની પ્રસ્તાવના એડમિરલ સર્ગેઇ ગોર્શકોવે જાણે કે આગોતરી લખી નાખી હતી. ઇતિહાસને મેરુ પર્વત જેવું ગગનસ્પર્શી સ્વરૂપ ધારણ કરવા માટે ક્યારેક એકાદ કાંકરીના કદનું કારણ મળી જાય તોય ચાલે.

■

મુંબઈમાં ૧૯૬૯ના ચોમાસાનાં પ્રથમ ઝાપટાં પડ્યાં તે અરસામાં ત્યાં કોલાબા ખાતે આવેલી નૌકાદળની Western Command/ પશ્ચિમી પાંખને કેટલાંક સાંકેતિક/ classified વાયરલેસ સિગ્નલો મળવા લાગ્યા. (મુંબઈ એ ભારતીય નૌકાદળની પશ્ચિમ પાંખનું વડું મથક છે. વિશાખાપટ્ટણમ્ પૂર્વીય પાંખનું છે). સંદેશા નવી દિલ્લીના નેવલ હેડક્વાર્ટર્સ એટલે કે સેનાપતિના નૌકા મુખ્યાલયે મોકલ્યા હતા. સંદેશામાં કેટલાક નાવિકોનાં તેમજ અફસરોનાં નામો હતાં. આ સૌએ મુંબઈમથકે રશિયન ભાષાનો ત્રણ મહિનાનો પ્રાથમિક કોર્સ પૂરો કર્યા બાદ તાલીમાર્થે રશિયાના વ્લાદિવસ્તોક નૌકાબંદરે જવાનું હતું. રશિયનમાં ભાષાને લગતો અને પછી ઈજનેરી-ઈલેક્ટ્રોનિક્સને લગતો અભ્યાસક્રમ લાંબો હતો. સળંગ એકાદ વર્ષ જેટલું રોકાણ હતું.

ભારતે રશિયન Osa વર્ગની ૮ મિસાઈલ બોટની ખરીદીનો સોદો કર્યો હતો. દરિયાઈ યુદ્ધના શસ્ત્ર તરીકે મિસાઈલ બોટ સાવ નવી આઈટમ હતી. એડમિરલ સર્ગેઈ ગોર્શકોવના ભેજાનું ફરજંદ હતી. ભારતીય શબ્દ યોજીને એમ કહી શકાય કે બીજા વિશ્વયુદ્ધ પછીના ઠંડા વિગ્રહ દરમ્યાન નૌકામોરચે સામ્યવાદી રશિયાની ગજબનાક ક્રાંતિના તેઓ ભીષ્મપિતા હતા. મૂડીવાદી અમેરિકાના જંગી નૌકાકાફલા સામે એવી બોટની પરિકલ્પના કરી કે જે વજનમાં હળવી, કદમાં ટચૂકડી તથા હંકારવામાં ઝડપી હોય, કિનારે ખાડી જેવા ખાંચાખૂંચીમાં લપાયેલી રહે, દુશ્મન યુદ્ધજહાજ દેખાય કે તરત હુમલો કરવા દોટ મૂકે અને તે યુદ્ધજહાજની બળવાન તોપોની રેન્જ બહાર સલામત અંતરેથી મિસાઈલ છોડી તેનો શિકાર કરી નાખે. એકાદ શિકાર નહિ, પણ બોટના ભાથામાં (વખતોવખત મિસાઈલ સપ્લાય શિપ અર્થાત્ પુરવઠા જહાજ દ્વારા પ્રાપ્ત થયા કરતાં) વારાફરતી જેટલાં મિસાઈલ્સ ભરો એટલાં શિકારો તે બોટ કરી નાખે !

ક્યા બાત હૈ ! બિલકુલ આવી વાત તો ગોવિંદસિંહે અઢીસો વર્ષ પહેલાં કરી હતી. આ શબ્દોમાં : *'ચિડિયાઁ તે મૈં બાજ તૂડાઉં, ગિદરણ તો મૈં શેર બનાઉં, સવા લાખ સે એક લડાઉં, તબે ગોવિંદસિંહ નામ કહાઉં.'*

નૌકાદળ માટે ખરીદાયેલી Osa 1 વર્ગની ૮ મિસાઈલ બોટની ડિલિવરી ઘણા સમય બાદ લેવાની હતી. આમ છતાં દરેક માટે નાવિકોની તથા અફસરોની નિયુક્તિ કરવા ઉપરાંત આઠેયને 'નાશક', 'નિર્ભિક', 'નિપાત', 'વિજેતા', 'વિદ્યુત', 'વિનાશ', 'નિર્ઘાત' અને 'વીર' નામો આપી દેવાયાં હતાં. બધાં નામો બોટની વિનાશકતાનો સંકેત આપતાં હતાં. આઠ બોટનું સ્ક્વોડ્રન ચાર-ચારની બે ટુકડીઓમાં વહેંચાયેલું હતું અને દરેક ટુકડી અહીં કોઠામાં નોંધ્યા મુજબ કમાન્ડરના સુકાનીપદ નીચે હતી.

### મિસાઈલ બોટ અને તેના સુકાનીઓ

| મિસાઈલ બોટનું નામ | મિસાઈલ બોટના સુકાનીનું નામ | સુકાનીનો હોદ્દો |
|---|---|---|
| *ટુકડી નં. ૧* | | |
| 'નાશક' | લેફ્ટ. કમાન્ડર બાબરુ બી. યાદવ | કમાન્ડર |
| 'નિર્ભિક' | લેફ્ટ. એસ. સી. આઈઝેક | કેપ્ટન |
| 'નિપાત' | લેફ્ટ. બી. એન. કેવિના | કેપ્ટન |
| 'નિર્ઘાત' | લેફ્ટ. આઈ. જે. શર્મા | કેપ્ટન |
| *ટુકડી નં. ૨* | | |
| 'વિજેતા' | લેફ્ટ. કમાન્ડર એ. આર. પાર્તી | કમાન્ડર |
| 'વિદ્યુત' | લેફ્ટ. બી. બી. સિંહ | કેપ્ટન |
| 'વિનાશ' | લેફ્ટ. વિજય જેરથ | કેપ્ટન |
| 'વીર' | લેફ્ટ. ઓ. પી. મહેતા | કેપ્ટન |

દરેક મિસાઈલ બોટ પર નાયબ કપ્તાન, એન્જિનિઅર તથા મિસાઈલ ઓફિસર વત્તા જરૂર પડે ત્યારે ગમે તે ટુકડીનો ચાર્જ સંભાળી લેવા એડિશનલ કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર અજીત વાસુ હતા. ઉપરાંત બે ડઝન જેટલા નાવિકો હતા. આ સૌએ પહેલાં તો રશિયન ભાષા શીખવાનું આવશ્યક હતું. મિસાઈલ બોટનાં તમામ સંચાલન-સાધનો પરનાં નામ તથા સૂચના રશિયન ભાષામાં હતાં એટલું જ નહિ, પણ ઈજનેરી-ઈલેક્ટ્રોનિક કરિશ્મા જેવી બોટનું દળદાર ઓપરેટિંગ મેન્યુઅલ સ્વાભાવિક રીતે એ દેશની ભાષામાં લખાયું હતું. રશિયનોને અંગ્રેજી સાથે લેણાદેણી ન હતી. મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિકના મકાન નજીકની ગલીમાં રશિયાનાં (અનુવાદિત) પુસ્તકો વેચતી પીપલ્સ બૂક હાઉસ નામની ખૂબ સમૃદ્ધ દુકાન હતી. અહીંથી સૌએ થોથાં જેવડી ઈંગ્લિશ-રશિયન તથા રશિયન-ઈંગ્લિશ ડિક્શનરીઓ ઉપરાંત તે ભાષાનું વ્યાકરણ સમજાવતાં પુસ્તકો વેચાતાં લીધાં. મુંબઈના લાયન્સ ગેટ નામે વધુ જાણીતા નૌકામથક પર તેમના માટે રશિયન ભાષાનો (એ જ ભાષામાં કહો કે 'રૂસ્કી યાઝિક'નો) ત્રણ મહિનાનો પ્રાથમિક કોર્સ આયોજિત કરાયો હતો. શિક્ષિકા બે રશિયન મહિલાઓ હતી. આ ભાષાનું ધડમાથું પામવા માટે ત્રણ મહિના બહુ ટૂંકો સમયગાળો કહેવાય, એટલે કોર્સ પૂરો થયા બાદ અધકચરા જ્ઞાન સાથે જ નૌકાઅફસરો અને નાવિકો એર-ઈન્ડિયાની બે ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા મોસ્કો પહોંચ્યા. મોસ્કોથી ગંજાવર કદના


રશિયન વિમાને આઠ કલાક લાંબી મજલ કાપી તેમને પૂર્વ કિનારે વ્લાદિવસ્તોક નૌકાબંદરે પહોંચાડ્યા. શીતાગાર જેવા સાઈબિરિયાના એ શહેરમાં રશિયન ભાષાના ગહન અભ્યાસ માટે અને મિસાઇલ બોટની ટેક્નોલોજિને લગતી રજેરજની ટ્રેઈનિંગ લેવા માટે એકાદ વર્ષ સુધી રોકાવાનું હતું.

■

મિસાઇલ બોટ Osa 1 એડમિરલ સર્ગેઇ ગોર્શકોવે કરેલી પરિકલ્પનાની અદ્ભુત પેદાશ હતી. સાગરસંગ્રામ દરમ્યાન બોટનાં તમામ પાસાં સુપરલેટિવ પુરવાર થાય એ માટે સંખ્યાબંધ નુસખા લડાવવામાં આવ્યા હતા. ડિઝાઈન એકંદરે સંહારકતા વધારવા પર કેંદ્રિત હતી. શીઘ્રગતિના આક્રમણ માટે બોટ વજનમાં હલકી રહે એ જરૂરી હતું. દર સેન્ટિમીટરે એલ્યુમિનિયમનું વજન સ્ટીલ કરતાં ઘણું ઓછું હોવા છતાં મજબૂતી ખાસ નહિ, એટલે બોટનો ઢાંચો વિમાનોની બાંધણીમાં વપરાતી દૃઢ મિશ્રધાતુ ડ્યૂરેલ્યુમિનમ વડે બનાવવામાં આવ્યો. વિશેષ 'ડાયેટિંગ' અર્થે શક્ય એટલા પાર્ટ્સનું (દા.ત. સુકાન ફેરવવાના વ્હીલનું અને દરવાજાના હેન્ડલનું) મિનિકરણ કરાયું હતું. પ્રોપેલર ધરાવતા પ્લેનના ટર્બોપ્રોપ એન્જિનમાં સહેજ ફેરફારો કરી તેમનો Osa 1 મિસાઇલ બોટ સાથે મેળ બેસાડી દેવાયો હતો, જે વળી ઓર ચાતુરીપૂર્ણ નુસખો હતો. ત્રણેય એન્જિનો કુલ ૧૨,૦૦૦ હોર્સપાવર પેદા કરી મિસાઇલ બોટને કલાકના ૬૪ કિલોમીટરની દ્રુતગતિ આપતાં હતાં.

મિસાઇલ બોટ Osa 1ની સંરચનાનું બીજું ખાસ પાસું એ કે તેનું deck/ તૂતક સાગરસપાટીથી ફક્ત ૧.૮૩ મીટર (૬ ફીટ) ઊંચું હતું અને ખૂવાસ્તંભ/ mast પણ સાગરસપાટીથી ફક્ત ૯ મીટરની કાઠીનો હતો. પરિણામે બોટ જરા છેટે હોય ત્યારે દુશ્મન મનવારનું રેડાર તેને દેખી શકતું ન હતું. કદાચ દેખી શકે તો સામાન્ય ટોરપિડો કે પેટ્રોલ બોટથી જુદી એવી મિસાઇલ બોટ તરીકે ઓળખી શકે તેમ ન હતું. દુશ્મન મનવારને પિછાણી લેવા માટે Osa 1 પોતે Rangout વર્ગનું ખાસ્સું 'દીર્ઘદૃષ્ટિ' રેડાર ધરાવતી હતી. આ રેડાર surface search પ્રકારનું હતું--એટલે કે તેની નજર આકાશને બદલે સમુદ્રસરસી રહીને લગભગ ૭૪ કિલોમીટર છેટે સુધી લંબાતી હતી. હાઇ-ફ્રિક વન્સીનાં સાંકડાં ટશર જેવાં (રાત્રિના અંધકારમાં ટોર્ચલાઇટ


## ભારતની Osa 1 મિસાઇલ બોટ




❶ AK-230 એન્ટિ-એરક્રાફ્ટ ગન
❷ Styx મિસાઇલ ટ્યૂબ
❸ Drum tilt ફાયર કન્ટ્રોલ રેડાર
❹ કેપ્ટનનો સંચાલન કક્ષ/ bridge
❺ Rangout રેડાર
❻ એન્ટેના
❼ લંગર
❽ પ્રોપેલર

ફેંકે એવાં) રેડિઓમોજાં વપરાતાં, જેથી ‘શાર્પ ફોકસિંગ’ને લીધે રેડાર ચંદા પર રચાતી દૂરવર્તી શત્રુ મનવારની લીલી આકૃતિ (વાસ્તવમાં છાપકૃતિ) એકદમ સુરેખ તેમજ સ્પષ્ટ બને.

રશિયન Osa 1નું નિ:શંકપણે બેમિસાલ ગણાય એ પાસું તો બેશક તેનું ૬.૩ મીટર (૨૮ ફીટ ૮ ઇંચ) લાંબું Styx મિસાઇલ હતું. અનેક જાતની રચનાકીય નવીનતાઓનું રશિયનોએ તેમાં નિરુપણ કર્યું હતું. દાખલા તરીકે ૨.૭૫ મીટરના (૯ ફીટના) વ્યાપની પાંખો હતી, જે બીજાં મિસાઇલ્સમાં હોય નહિ. પાંખને લીધે ૨,૭૦૦ કિલોગ્રામનું Styx એકંદરે વિમાન જેવો ફ્લાઇટમાર્ગ આંકતું હતું. પ્રવાહી બળતણો તરીકે બે જોખમી રસાયણો હતાં, જેમનો સમન્વય જોરદાર ધડાકો સર્જી થ્રસ્ટ પેદા કરતો હતો. મિસાઇલ બોટને સખત રીતે હચમચાવી મિસાઇલ તેના લક્ષ્યાંક તરફ બજરંગ છલાંગ લગાવે ત્યારે વધારાનું બૂસ્ટર રોકેટ તેને વિશેષ પ્રવેગ આપી ટૂંક સમય બાદ ખરી પડતું હતું. (બાજુનો ફોટો). બૂસ્ટર રોકેટનું મુખ્ય કામ તો મિસાઇલને આકાશમાં નિશ્ચિત ઊંચાઇ સુધી પહોંચાડવાનું હતું. બૂસ્ટર ત્યાર પછી ખરી પડે એ તેનું બળતણ ખૂટી જવાના કારણે નહિ, પણ સ્પીડ વધાર્યે જતું મિસાઇલ તેને પાછળ રાખી તેની સ્થિતિ કટી પતંગ જેવી કરી દેતું હતું. મિસાઇલની ઝડપ ત્યારે ૧,૨૦૦ કિલોમીટરના સર્વોચ્ચ આંકે પહોંચતી હતી. તૂતક પર આગળપાછળ તેમજ ડાબી-જમણી તરફ આવાં કુલ ૪ એન્ટિ-શિપ મિસાઇલ્સ હતાં.



**એક ટાપુ પાસે દૃશ્યમાન ક્ષિતિજની પેલી તરફ એકબીજાથી સહેજ દૂરના અંતરે બે નિવૃત્ત જહાજોનાં ‘ખોખાં’ને નિશાન તરીકે રાખવામાં આવ્યાં હતાં, ટાપુ પાસેની Osa 1 પરથી ભારતીય મિસાઇલ ઓફિસરે વારાફરતી બે Styx લોન્ચ કર્યાં.**

ઉલ્લેખ માટે બાકી રહેલું Osa 1નું છેલ્લું શસ્ત્ર તે AK-230 પ્રકારની 30mmની એન્ટિ-એરક્રાફ્ટ ગન, જે પ્રતિમિનિટે ૨૭૦ ગ્રામના ૫૦૦ તોપગોળા દાગતી હતી. એક તોપ આગલા તૂતક પર, તો બીજી પાછલા તૂતક પર હતી. એટલે બે ડબલ-બેરલ તોપો દ્વારા મિનિટદીઠ કુલ ૧,૦૦૦ તોપગોળા વછૂટતા હતાં. દુશ્મન વિમાનની નેમ લેવાનું કાર્ય રશિયન બનાવટના (આગલે પાને બોટની આકૃતિમાં બતાવેલા) Drum Tilt કહેવાતા ફાયર કન્ટ્રોલ રેડારનું હતું.

■

સોવિયેત રશિયાના પૂર્વકાંઠે વ્લાદિવસ્તોક બંદરે Osa 1 બોટની યંત્રરચનાની કાર્યપ્રણાલીની તથા યુદ્ધમાં તેના ઓપરેટિંગની તાલીમ લેવા ગયેલા ભારતીય નાવિકો-અફસરોએ પ્રથમ તો રશિયન ભાષાનો એકડો ઘૂંટવાનું જરૂરી બન્યું. અભ્યાસક્રમ બધાને તો નહિ, પણ ઘણાંખરાંને સહેજ અઘરો લાગ્યો. રશિયન પશ્ચિમ યુરોપી ભાષાઓ કરતાં બહુ જુદી છે. ઇંગ્લિશ, ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન વગેરે ભાષાઓ રોમન લિપિમાં (મૂળાક્ષરોમાં) લખાય, જ્યારે રશિયન સિરિલિક/ cyrillic લિપિવાળી ભાષા છે. વળી કેટલાક રશિયન મૂળાક્ષરો અંગ્રેજી વર્ણમાળા જેવા છે, પણ તેમનો ઉચ્ચાર સાવ જુદો છે. (દા.ત. P = ‘પી’ને બદલે ‘એર’, C = ‘સી’ને બદલે ‘એસ’ અને Y = ‘વાય’ને બદલે ‘ઉ’). ભારતીયોની પરિચિત અંગ્રેજી ભાષામાં મૂળાક્ષરો ૨૬, તો રશિયનમાં ૩૩ છે. શિક્ષાર્થી મોટાભાગના નાવિકો-નૌકાઅફસરોને સૌથી વધુ તકલીફ વિભક્તિ (નો, ની, નુ, ના) અંગે પડી, કેમ કે આપણી ગુજરાતીની જેમ રશિયન ભાષામાં જે તે વિભક્તિ મુજબ આખી વાક્યરચના બદલાય છે. સ્વાભાવિક છે કે ટુકડીના મરાઠી અને બંગાળી સભ્યો માટે રશિયન ભાષા શીખવાનું પ્રમાણમાં સહેલું બન્યું. વિશેષ કરીને લેફ્ટનન્ટ ગોખલે તથા સબ લેફ્ટનન્ટ પરાડકર જેવા મરાઠી સભ્યો માટે, કેમ કે મરાઠી ભાષા સંસ્કૃતની બહુ નજીકની તેમ કેટલાક અંશે રશિયન પણ ખરી.

રશિયન ભાષાને લગતો મુદ્દો અહીં લંબાણપૂર્વક સકારણ નોંધ્યો, પણ એ કારણ હમણાં બાજુ પર રહેવા દઇએ. નૌકામથક વ્લાદિવસ્તોકમાં તાલીમાર્થી ભારતીય ટુકડીને લગતી શેષ વાત આટલી : રશિયન ભાષાની આંટીઘૂંટી શીખ્યા બાદ અને રશિયન બોટની પણ આંટીઘૂંટી સમજ્યા બાદ છેલ્લું લેસન Styx મિસાઇલના પ્રેક્ટિકલ ફાયરિંગનું હતું. એક ટાપુ પાસે દૃશ્યમાન ક્ષિતિજની પેલી તરફ એકબીજાથી સહેજ દૂરના અંતરે બે નિવૃત્ત જહાજોનાં ‘ખોખાં’ને નિશાન તરીકે રાખવામાં આવ્યાં

હતાં, ટાપુ પાસેની Osa 1 પરથી ભારતીય મિસાઇલ ઓફિસરે વારાફરતી બે Styx લોન્ચ કર્યાં. બન્ને આયુધોએ પહેલાં આકાશમાં થોડાક મીટર આરોહણ કર્યું, પછી અવરોહણનો ઢાળ પકડ્યો અને પોતપોતાનાં નિશાનોનો ધ્વંસ કરી નાખ્યો.

ટ્રેઇનિંગ માટે વ્લાદિવસ્તોકમાં સળંગ બાર માસના રોકાણનો આખરે જુલાઇ, ૧૯૭૦માં છેડો આવ્યો.

■

એક મોટું રશિયન માલવાહક જહાજ આઠ Osa 1 બોટનો હવાલો ભારતીય નૌકાદળને સોંપવા ૧૯૭૧ના જાન્યુઆરીને શરૂઆતે કલકત્તા બંદરે પહોંચ્યું. આઠેય બોટ જહાજના તૂતક પર ગોઠવેલી હતી. તૂતકના રંગ અને રચના સાથે ઓતપ્રોત બની જાય એવા પિછોડા તેમને ઓઢાડી દેવાયા હતા. કલકત્તા ગોદીની ક્રેન (ઊંટડો) બોટને ઊંચકી શકે એ માટે વજનકાપના નામે બધી Osa 1ના શક્ય એટલા પાર્ટ્સ કાઢી લેવાયા હતા. દરેકનું પ્રોપેલર સુધ્ધાં અલગ પાડી જુદા ખોખામાં પેક કરાયું હતું. આ જાતનો બધો સરંજામ ઇજનેરોએ પાછો બેસાડ્યો અને જાન્યુઆરી ૨૦, ૧૯૭૦ના દિવસે ભારતીય નૌકાદળમાં વિધિવત્‌નો પહેલવહેલો સમાવેશ મિસાઇલ બોટ 'વિનાશ'નો કરવામાં આવ્યો. 'નિર્ઘાત' જાન્યુઆરી ૨૯, ૧૯૭૧ના રોજ નૌકાદળની સભ્ય બની. કાર્યપ્રણાલીના પરીક્ષણ માટે ફેબ્રુઆરીની અધવચ્ચે નાવિકોએ તેમને પહેલાં હૂગલી નદી પર હંકારી અને પછી ખુલ્લા સમુદ્રમાં લાંબાં ચક્કરો કાપ્યાં. આ રીતે જ ત્યાર બાદ 'નિપાત', 'વીર', 'નાશક', 'વિજેતા', 'નિર્ભિક' અને 'વિદ્યુત'નું કાર્ય ચકાસી લેવામાં આવ્યું. નૌકાદળના વેસ્ટર્ન કમાન્ડનું મુંબઇ ત્યાર બાદ તેમનું કાયમી મથક બન્યું.



*Osa 1 ની એન્ટિ-એરક્રાફ્ટ તોપ, મિસાઇલ લોન્ચર ટ્યૂબ, એન્ટેના તેમજ પાછળ તરફ આવેલું ફાયર રેડાર અહીં તસવીરમાં જુઓ*

મુંબઇમાં નાવિકો-નૌકાઅફસરો બધી મિસાઇલ બોટની એનેટમીનું ફરી ફરીને વિશ્લેષણ કરી રહ્યા હતા. આપણને નૌકાદળ પ્રત્યે ગર્વ પેદા થાય એવો સરસ કિસ્સો તે દરમ્યાન આકાર પામ્યો. દુશ્મન મનવારને શોધી તેમજ ઓળખી કાઢવા માટે રશિયનોએ બનાવેલા મિસાઇલ બોટના Rangout રેડારની દૃષ્ટિમર્યાદા ૭૪ કિલોમીટર હતી. ઇલેક્ટ્રોનિક્સના ચુનંદા જાણકાર સબ લેફ્ટનન્ટ એસ. ડી. સૂદ નામના ઇજનેરે તે રેડારના બધા પાર્ટ્સ છૂટા પાડ્યા. કેટલાક યુક્તિભર્યા ફેરફારો કર્યા અને ત્યાર બાદ પાર્ટ્સને ફરી જોડી તે રેડારની ચકોર દૃષ્ટિ ૧૧૦ કિલોમીટર સુધી લંબાવી દીધી. ભારતીય બ્રાન્ડના ભેજાનો એ કમાલ હતો. રશિયનોને પણ અચંબામાં ગળાડૂબ કરી દે એવો હતો. સબ લેફ્ટનન્ટ સૂદે Rangout રેડારમાં ફૂંકેલા જાદુને તરત જ TOP SECRET તરીકે વર્ગીકૃત કરી દીધો.

■

ઓગસ્ટ, ૧૯૭૧માં ભારત-પૂર્વ પાકિસ્તાન (હવે બાંગલાદેશ) સરહદે ક્યારનો ધધૂકતો રાજકીય અને લશ્કરી જ્વાળામુખી ફાટવાની અણી પર આવ્યો. ભારતે નછૂટકે યુદ્ધ કરવું પડે એવા સંજોગો પાકિસ્તાનના સરમુખત્યાર જનરલ યાહ્યા ખાન પેદા કરી રહ્યા હતા. નવેમ્બર સુધીમાં તો કટોકટી એટલી હદે વણસી કે યુદ્ધ લગભગ અનિવાર્ય બન્યું--અને જો યુદ્ધ ફાટી નીકળે તો ૧૯૬૫ની લડાઇવાળો પેલો દ્વારકાનો હિસાબ પતાવવા માગતા ભારતીય નૌકાદળનું લક્ષ્યાંક પશ્ચિમ પાકિસ્તાનનું એકમાત્ર નૌકાબંદર કરાંચી હતું. ૧૯૭૧ના નવેમ્બરની આખરમાં યુદ્ધનો પ્રશ્ન 'જો'નો ન રહેતાં 'જ્યારે'નો બન્યો, તેથી એ પડકાર ઝીલવાની તૈયારી માટે મેરિટાઇમ ઓપરેશન્સ રૂમમાં વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ વાઇસ-એડમિરલ એસ. એન. કોહલી તથા સીનિઅર કમાન્ડરો ચર્ચા માટે ભેગા મળ્યા.

સાચી વાત તો કોને ખબર, પણ કહેવાય છે કે ટચૂકડી મિસાઇલ બોટને છેક કરાંચી સુધી મોકલવાનું પગલું અમુક જણાને આત્મઘાતી લાગ્યું. ભારપૂર્વક તેમણે એ પ્રસ્તાવનો

વિરોધ કર્યો, વાતાવરણ તંગ થયું અને વિવાદના ખબર નવી દિલ્લીના નૌકામુખ્યાલયે પહોંચ્યા. ડિસેમ્બર ૧, ૧૯૭૧ની સવારે નૌકાસેનાપતિ એડમિરલ સરદારીલાલ નંદા તેમના ખાસ વિમાન દ્વારા મુંબઇ પહોંચ્યા. નૌકામથકની ગોદીમાં લાંગરેલા મોટા યુદ્ધજહાજના તૂતક પર સીનિઅર કમાન્ડરોને એકત્રિત કરી તેમણે ચોખ્ખું કહી નાખ્યું કે જે કમાન્ડિંગ ઓફિસરોના મનમાં ફરિયાદ કે ખંચકાટ હોય તેઓ કરાંચી મિશનમાંથી નીકળી જાય, જેથી તેમના સ્થાને બીજા કમાન્ડિંગ ઓફિસરોની તાત્કાલિક નિયુક્તિ કરવાનું સુગમ બને.

નૌકાસેનાપતિનો જુસ્સો તેમજ આત્મવિશ્વાસ જોતાં સવાલ જ નહોતો કે એકેય જણ પાછીપાની કરે એટલે બીજે દિવસે (ડિસેમ્બર ૨, ૧૯૭૧ની સવારે) મિશન આરંભી દેવામાં આવ્યું. મુંબઇસ્થિત વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ વાઇસ-એડમિરલ એસ. એન. કોહલીએ ‘નિર્ઘાત’ અને ‘વિદ્યુત’ મિસાઇલ બોટને તેમજ એન્ટિ-સબમરીન મનવાર ‘કટચાલ’ને સૌરાષ્ટ્રના ઓખા કાંઠે જવા રવાના કરી દીધી. મધરાતે ‘નિપાત’ અને ‘વીર’ મિસાઇલ બોટે સૌરાષ્ટ્રના દીવ તરફનો પ્રવાસ આરંભ્યો. સાથે ‘કટચાલ’ની જોડકી એન્ટિ-સબમરીન મનવાર ‘કિલ્તાન’ પણ હતી. બન્ને રશિયન બનાવટની Petya વર્ગની હતી. મિસાઇલ બોટ જે બંધારણનું ફ્યૂલ વાપરે એ જ બળતણ તેમનાં એન્જિનોનું હતું. આથી હાઇ-સ્પીડે માત્ર ૯૩૦ કિલોમીટરની ‘મેરેથોન’ દોડી શકતી મિસાઇલ બોટના રિફ્યૂલિંગ માટે તેઓ ગૌમાતાઓ તરીકે સાથે હંકારી હતી. મધદરિયે હોઝપાઇપ દ્વારા બોટને ૨૦થી ૨૫ મેટ્રિક ટન જેટલું બળતણ ભરી આપવામાં ૩૦ મિનિટ કરતાં વધુ સમય લાગે નહિ.

**મિસાઇલ બોટ તેના ભાથામાં રહેલાં ચારેય Styx દાગી ચૂકે, એટલે પછી તે એકંદરે લાચાર બની જવાની હતી. આ સ્થિતિ જોખમકારક હતી, છતાં નૌકાદળના શેરદિલો સામે ચાલીને જોખમનો ભેટો કરવા નીકળ્યા**

ભારતીય નૌકાદળના શેરદિલોને લગતી બે ખાસ વાતો જરા ધ્યાનમાં લો. પહેલી એ કે રશિયાએ Osa 1 મિસાઇલ બોટ તટીય મથકોના રક્ષણ માટે બનાવી હતી. દુશ્મનનું યુદ્ધજહાજ નૌકાબંદર, કિનારાસ્થિત રેડાર, બળતણનો ડેપો અને ક્યારેક વળી કાંઠાવિસ્તાર પાસે હંકારતાં માલવાહક જહાજ પર હુમલો કરવા આવે ત્યારે Osa 1 પોતાના Styx મિસાઇલ વડે તેના ભુક્કા કાઢી નાખે તે એકમાત્ર ગણતરીએ રશિયનોએ Osa 1નો પ્રોજેક્ટ ઘડ્યો હતો. મધદરિયે તો આવી બોટને મોકલવાનો પ્રશ્ન જ ન હતો, કેમ કે તે દરિયાખેડુ ન હતી. આમ છતાં ભારતીય નૌકાદળે અત્યંત શક્તિશાળી મનવારોના જોરે તેમનું દોરડા વડે towing/ખેંચાવો કરી યુદ્ધક્ષેત્ર સુધી પહોંચાડવાનો વ્યૂહ રચ્યો. રશિયનો એ વાતે પણ અચંબામાં ગળાડૂબ થવાના હતા.

બીજું, મિસાઇલ બોટ તેના ભાથામાં રહેલાં ચારેય Styx દાગી ચૂકે, એટલે પછી તે એકંદરે લાચાર બની જવાની હતી. દુશ્મનના પ્રતિકાર માટે બાકી રહેતા શસ્ત્ર તરીકે ફક્ત A-230 એન્ટિ-એરક્રાફ્ટ ગન, પરંતુ કરાંચી નૌકાબંદર પરના હુમલા બાદ ત્યાંના નજદીકી એરબેઝ મસરૂરના પાકિસ્તાની લડાયક વિમાનો આવી ચડે અને તેમનો પ્રતિકાર કરતી વખતે બધાં તોપગોળા અધવચ્ચે ખૂટી ગયા પછી શું ? રશિયનો તેમની મિસાઇલ બોટને આવા જોખમમાં મૂકવાનું કલ્પી પણ ન શક્યા હોત, જ્યારે ભારતીયો સામે ચાલી જોખમનો ભેટો કરવા નીકળ્યા હતા.

કઇ અને કેટલી બોટ કરાંચી પરના હુમલાને અંતે મુંબઇ હેમખેમ પાછી ફરી શકે તેનો ભરોસો ન હતો. આથી પ્રવાસના આરંભ બાદ અરબી સમુદ્રમાં કેટલુંક અંતર કપાયું, એટલે દરેક



*નૌકાદળના વાઇસ-એડમિરલ કોહલી (તસવીરમાં વચ્ચે). લેફ્ટ. કમાન્ડર બાબરુ યાદવ અને લેફ્ટ. કમાન્ડર કેવિના કોહલીની અનુક્રમે જમણે તથા ડાબે ઉભા છે*

બોટના કેપ્ટને પોતાના નાવિકોને તૂતક પર બોલાવ્યા. કોઇને હજી ખબર નહોતી કે ક્યાં જવા માટે પ્રવાસ ગોઠવ્યો હતો. કેપ્ટનના મોઢે પહેલીવાર જાણ્યું કે પાકિસ્તાનના કરાંચી પર મિસાઇલ અટેક કરવા ‘ઓપરેશન ટ્રાઇડેન્ટ’ (ત્રિશૂલ) નામનું સાહસ ખેડવાનું હતું. મોત જોડે બાથ ભીડવાની હતી, એટલે દરેક કેપ્ટને નૌકાસેનાપતિ એડમિરલ નંદાની જેમ જ પોતાના નાવિકોને વિકલ્પ આપ્યો કે જિંદગીને દાવમાં મૂકતું ખતરનાક સાહસ જેમને ન ખેડવું હોય તેમને રબ્બરની dingy/ હોડીમાં અહીંથી પાછા વળી જવાની છૂટ હતી. આ જાતની ઓફર કેપ્ટને ન મૂકી હોત તો ચાલી જાત, કેમ કે ‘ડંકે પે ચોટ પડી હૈ’નો પડકાર ઝીલી લેવાનું વલણ તો નાવિકોની પ્રકૃતિમાં વણાયેલું હતું.

■

ડિસેમ્બર ૪, ૧૯૭૧ની સવારે મિસાઇલ બોટની ટુકડી/ squadronના કમાન્ડિંગ ઓફિસર બાબરુ ભાણ યાદવે ‘ઓપરેશન ટ્રાઇડેન્ટ’નો આરંભ કર્યો. નૌકાદળમાં માત્ર BB તરીકે સંબોધાતા બાબરુ યાદવ (આજે હરિયાણા અને રાજસ્થાન વચ્ચે પ્રાદેશિક રીતે વહેંચાયેલા) આહિરવાલના, જ્યાં દર ત્રીજા કે ચોથા ઘરનો એકાદ સભ્ય ફૌજી હતો. કમાન્ડર બાબરુ યાદવના પિતા મેજર ભગવાનસિંહ યાદવ બન્ને વિશ્વયુદ્ધોમાં લડ્યા હતા, જ્યારે મોટા ભાઇ કર્નલ મહેન્દ્રસિંહ યાદવ ખુશ્કીદળમાં હતા અને વળી તેમના પુત્રો કર્નલ દિલીપ યાદવે તથા એર કોમોડોર રાકેશ યાદવે પણ લશ્કરી કારકિર્દી પસંદ કરી હતી.


આમ તો કમાન્ડર બાબરુ યાદવ આઠેય મિસાઇલ બોટના કમાન્ડિંગ ઓફિસર, પણ ‘ઓપરેશન ટ્રાઇડેન્ટ’માં ત્રણ બોટ વડે કરાંચી પર અટેક કરવાનો હતો. એન્ટિ-સબમરીન મનવારો ‘કટચાલ’ને તથા ‘કિલ્તાન’ને પણ એ મિશન પૂરતી તેમની સહાયના હેતુસર મૂકવામાં આવી હતી. કુલ પાંચ જહાજોનું જૂથ નીચે મુજબ હતું :


**લેફ્ટ. કમાન્ડર બાબરુ યાદવ : કમાન્ડિંગ ઓફિસર**

**‘નિપાત’** લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિના
**‘નિર્ઘાત’** લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્મા
**‘વીર’** લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતા

*એન્ટિ-સબમરીન મનવારો*

**‘કટચાલ’** કમાન્ડર કે. એન. ઝડુ
**‘કિલ્તાન’** કમાન્ડર કે. પી. ગોપાલ રાવ



ડિસેમ્બર ૩-૪, ૧૯૭૧ની પાછલી રાત્રે સૌરાષ્ટ્રના દીવ સુધી towing વડે પહોંચાડી દેવાયેલી ‘નિપાત’ અને ‘વીર’ સૌરાષ્ટ્રના કિનારાસરસી હંકારતી ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી. કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવ ‘નિપાત’ પર હતા. કેટલાક સમય પછી એન્ટિ-સબમરીન ‘કિલ્તાન’ તેમને સાથ દેવા આવી પહોંચી. ત્રિપૂટીએ દ્વારકાનો માર્ગ પકડ્યો, જ્યાં ‘નિર્ઘાત’ અને ‘કિલ્તાન’ની જોડકી ‘કટચાલ’ તેમની રાહ જોતી હતી. પાંચનો સમૂહ રચાયા પછી સૌ કપ્તાનોએ પોતપોતાને મળેલા Operation Order વિશે એકમેકને વાકેફ કર્યા અને બપોરે ૨:૦૦ વાગ્યે કમાન્ડર બાબરુ બી. યાદવે ‘નિપાત’ના તૂતક પરથી મેગાફોન દ્વારા અગત્યની સૂચનાઓ આપી બધાને તેમની ભૂમિકાઓ સમજાવી દીધી.

પાંચનો Trident Force ત્યાર બાદ ૨૮° પશ્ચિમે વળી કલાકના ૪૪ કિલોમીટરની તેજગતિએ ચારેક કલાક સુધી હંકાર્યો. (જુઓ, નકશો). કરાંચી તરફ પરબારો ઉત્તરનો માર્ગ ન લીધો કેમ કે સૂર્યાસ્ત થાય ત્યાં લગીના સમય દરમ્યાન કરાંચીથી છેટે રહીને મજલ કાપવાની હતી. કોઈ પાકિસ્તાની નિરીક્ષક વિમાન તેમને ભાળી જાય તો કરાંચી તરફ હલ્લો આવી રહ્યાનું તેને ન લાગવું જોઈએ. અરબી સમુદ્રમાં માત્ર પેટ્રોલિંગ કરાય છે એવી છાપ પાડવા બધા Trident Force શિકારીઓ છૂટાછવાયા હંકારી રહ્યા હતા. ઉપરાંત મિશનમાં ભાગ લેનાર ‘નિર્ઘાત’નો તથા ‘કટચાલ’નો હજી ભેટો નહોતો કર્યો, જેથી શત્રુને હુમલાખોર ધાડું રચાયાની પણ શંકા જાય નહિ. પૂર્વનિર્ધારિત વ્યૂહરચના મુજબ અંધકાર ઘેરાયા પછી જ Trident Forceનું એકત્રીકરણ કરવાનું હતું. સામૂહિક મિલનનો સમય શિયાળુ દિવસ ૬:૦૦ વાગ્યે લગભગ આથમ્યો ત્યારે આવ્યો. શિકારી નૌકાઓ-મનવારોએ તીરના ફણા જેવા આકારનું જૂથ રચ્યું. (જુઓ, અગાઉના પાને આકૃતિ). સૌથી મોખરે લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિનાની અને તેમની સાથેના કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવની ‘નિપાત’ હતી. પાછળ ડાબી તરફ ‘નિર્ઘાત’ અને ‘કટચાલ’ એકમેકથી તથા જમણી તરફ ‘વીર’ અને ‘કિલ્તાન’ એકમેકથી સરેરાશ ૨.૫ કિલોમીટરનું અંતર રાખીને મજલ કાપતી હતી. હવે કાફલો ૧૦° ઉત્તર દિશાએ કરાંચી તરફ મોરો ફેરવી ચૂક્યો હતો. ઝડપ વધારીને ૫૧ કિલોમીટર કરી દીધી હતી.

અરબી સમુદ્રના આકાશમાં ચંદ્રોદય થવાને હજી વાર હતી, એટલે ચોમેર અંધારપટ છવાયો હતો. સાગરસપાટી પર ફૂટ્યા કરતાં મોજાંની ફક્ત આછેરી સફેદી દેખી શકાતી હતી. ‘નિપાત’, ‘વીર’ તથા ‘નિર્ઘાત’ તો એકમેક માટે સાવ અદૃશ્ય હતી, કારણ કે કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવના આદેશ મુજબ તેમનાં રેડાર ટ્રાન્સમીટર સ્વિચ-ઓફ રખાયાં હતાં. શિકારીએ પ્રસારિત કરેલાં રેડારમોજાં દિવસની જેમ રાત્રે પણ દૂરના શિકારનો પત્તો લગાવી આપે તે વાત સાચી, પરંતુ ઘણી વખત એ મોજાં ખુદ તેની હાજરી છતી કરી દે. દુનિયામાં ત્યારે (સામ્યવાદી રશિયાને બાદ કરતાં) એકેય દેશ પાસે નહોતું એવા Osa 1 મિસાઈલ બોટના Rangout રેડારને તો અટેક શરૂ થતા પહેલાંના દોરમાં સ્વિચ-ઓફ રખાય તે યોગ્ય હતું. આમેય મુંબઈમાં સબ લેફ્ટનન્ટ એસ. ડી. સૂદ નામના પેલા ઈલેક્ટ્રોનિક્સના જાદુગરે રશિયન-મેઈડ Rangoutની ૭૪ કિલોમીટરની રેકોર્ડસર્જક દૃષ્ટિમર્યાદાને વધારી ૧૧૦ કિલોમીટર સુધીની કરી નાખી હતી. કરાંચી નૌકામથક હજી એટલે દૂર હોય એવામાં જ એકાદ પાકિસ્તાનની મનવાર Rangoutનાં રેડારમોજાંની ‘ગંધ’ પારખી જાય તો શિકારી કાફલો સિક્રેટનો અને સરપ્રાઈઝનો ચાવીરૂપ વ્યૂહાત્મક લાભ ગુમાવી દે. આથી સહેજ ટૂંકી રેન્જવાળાં ‘કટચાલ’ અને ‘કિલ્તાન’ એન્ટિ-સબમરીન મનવારોનાં જ રેડારને કાર્યશીલ રખાયાં હતાં.

સાંજે ૭:૪૦ વાગ્યે ‘કિલ્તાન’ના રેડાર ઓપરેટરને ચંદ્રા



*કાફલામાં જોડાયેલી ‘કિલ્તાન’ અને ‘કટચાલ’ મનવારો મૂળ રશિયન Petya વર્ગની હતી*

પર ત્રણ લીલાં ટપકાં દેખાયાં, એટલે કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવે કાફલાની હાજરી છૂપાવવા આગેકૂચ રોકી તેને એકદમ પશ્ચિમ તરફ વળાવ્યો. (મોડ લેવાયાની આડી રેખા અગાઉના પાને નકશામાં જુઓ). થોડા વખત પછી ખ્યાલ આવ્યો કે 'કિલ્તાન'ના રેડારે સમુદ્રી ચહલપહલને લીધે પેદા થયેલું ભૂતિયું સિગ્નલ ઝીલ્યું હતું. આથી નકશામાં બતાવ્યા અનુસાર Trident Force ફરી ઉત્તર તરફ હંકાર્યો.

■


શિકારનો ખેલ માંડવાનો સમય રાત્રે લગભગ ૧૦:૦૦ વાગ્યે પાક્યો, કેમ કે છાપામાર ટુકડી કરાંચીથી ૧૫૦ માઇલની ત્રિજ્યાના વર્તુળમાં પ્રવેશી. મુંબઇના વેસ્ટર્ન કમાન્ડે ઘડેલી આક્રમણની રણનીતિ મુજબ તે સર્કલની રેખાને ઓળંગ્યા પછી જ 'નિપાત', 'વીર' અને 'નિર્ઘાત' મિસાઇલ બોટે પોતાનાં Rangout રેડારને સ્વિચ ઓન કરવાનાં હતાં--જે તેમણે કર્યા. શિકારની હાજરીનો પત્તો લગાવવા જતાં પોતાની હાજરી કદાચ પકડાય એ ફિકર રાખવાની હવે જરૂર ન હતી, કેમ કે ત્રાટકવાનો સમય આવી જ પહોંચ્યો હતો.

મિસાઇલ બોટનાં રેડારનું ટ્રાન્સમીશન શરૂ થયાની દસ જ મિનિટ બાદ કરાંચી પાસેના મનોરા રેડારમથકના ડાયલ પર લીલાં ટપકાં ઝળક્યાં. ડાયલના કેંદ્ર તરફ (એટલે કે કરાંચી તરફ) સરકતાં હતાં. રેડાર ઓપરેટરે તરત પાકિસ્તાનના MHQ/ મેરિટાઇમ હેડક્વાર્ટર્સને ચેતવણીનો મેસેજ પાઠવ્યો. ચેતવણી મળ્યા બાદ ચેતવાની પ્રોસેસ બહુ ધીમી રહી, કેમ કે ભારતીય નૌકાદળ કરાંચીને નિશાન બનાવવાનું આંધળું સાહસ ખેડે તે માનવા જેવું ન હતું. ઊલટું, માની એમ લેવાયું કે મનોરા રેડારના ઓપરેટરને ઊંઘ ચડી હતી. ઓપરેટર ફરી ફરીને બરાડ્યો ત્યારે હેડક્વાર્ટર્સ સળવળ્યું અને તપાસ માટે 'ખૈબર' નામના શક્તિશાળી ડિસ્ટ્રોયર યુદ્ધજહાજને શકમંદ આગંતૂકોની દિશામાં રવાના કર્યું.

બસ, વાઘની બોડ તરફ બિનધાસ્ત આગળ વધી રહેલા ભારતીય શેરદિલો માટે જીવસટોસટના ખેલનો તે આરંભ હતો.

■

કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવની 'નિપાત'ને તેની પાછળ ડાબી તરફ રહીને અનુસરતી 'નિર્ઘાત'ના લેફ્ટનન્ટ-કમાન્ડર આઇ. જે. શર્માને કન્ટ્રોલ રૂમમાં અચાનક નાયબ ઓફિસરે ખબર આપ્યા કે રેડાર પર સિગ્નલ પકડાયું હતું. એક મોટા કદનું જહાજ સામું આવી રહ્યું હતું. ઝડપ કલાકના આશરે ૬૦ કિલોમીટર જણાતી હતી, માટે ચોક્કસ તે યુદ્ધજહાજ હતું. લેફ્ટનન્ટ શર્માએ તરત 'નિપાત' પરના કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવને રેડિઓ મેસેજ પાઠવ્યો. યાદવે તે બોટના લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિનાને પૂછ્યું : 'શું કરીએ ?' કરવાનો તો મિસાઇલ અટેક જ હતો, પણ 'નિપાત' મોખરે હોવાને લીધે તેઓ કેવિનાને શિકારનો ચાન્સ ઓફર કરવાનું સૌજન્ય દાખવી રહ્યા હતા. 'સર, મિસાઇલ છોડવા માટે 'નિર્ઘાત'નું સ્થાન વધુ માફકસરનું છે, એટલે તેમને જ અટેક કરવા દો. આખરે આપણે બધા સાથે મળીને દેશ ખાતર યુદ્ધ લડી રહ્યા છીએ.'



*'ફાયર !'નો હુકમ છૂટ્યો એ સાથે પહેલું Styx મિસાઇલ શિકારી ચિત્તાની માફક 'ખૈબર' તરફ ધસી ગયું*

રશિયન Styx/ સ્ટિક્સ મિસાઇલનું લોન્ચિંગ બોમ્બધડાકો થયા સમાન હોય એ ભારતીય નાવિકો-નૌકાઅફસરોએ રશિયાના વ્લાદિવસ્તોકમાં પ્રેક્ટિકલ તાલીમ દરમ્યાન પ્રત્યક્ષ જોયું હતું. ઘડીભર ડઘાયેલા પણ રહી ગયા હતા--અને ત્યારથી જે સોનેરી ઘડીની તેઓ રાહ જોતા હતા તે હવે આવી પહોંચી હતી. પ્રચંડ થ્રસ્ટ પેદા કરે તેવું રેમ-જેટ એન્જિન ધરાવતું Styx અનોખું મિસાઇલ હતું, કારણ કે અગાઉ નોંધ્યા મુજબ લોન્ચિંગનું બટન દબાય કે તરત એકમેકથી જુદી ફ્યૂલ ટેન્કનાં બે જોખમી રસાયણો દહન ચેમ્બરમાં સંયોજિત થતાં જાણે કે મિનિ જ્વાળામુખી ફાટતો હતો. મિસાઇલ બોટ ધણધણી જતી હતી. લોન્ચિંગ પહેલાં બોટનાં એન્જિનો બંધ કરી દેવાં પડતાં હતાં. એન્જિનો માટે હવા ખેંચવાના ઇનલેટ વાલ્વ પણ ખુલ્લા ન રહેવા જોઇએ. બ્રિજના કન્ટ્રોલ રૂમની તમામ બારીઓના કાચ પર બહારના ભાગે સ્ટીલની મજબૂત પ્લેટ લગાડી તેમને

સ્ક્રૂ થકી જડી લેવી પડતી હતી--નહિતર બ્લાસ્ટ ઈફેક્ટ કાચનો ચૂરો કરી નાખવા ઉપરાંત કેબિનમાં સંચાલનના ઈલેક્ટ્રોનિક સાધનોને પણ સલામત રહેવા ન દે. નાવિકો-અફસરોએ પણ બંધ જગ્યામાં પુરાયેલા રહેવું જરૂરી હતું.

મોખરાની ‘નિપાત’ પર માહોલ જુદો હતો. લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિનાએ બધા નાવિકોને તૂતક પર બોલાવ્યા અને કહ્યું : ‘જોતા રહેજો ! આપણે થોડી જ વારમાં ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવાના છીએ !’ થોડી જ વાર થોડી જ ક્ષણો જેટલી નીવડી અને Styx મિસાઈલ છૂટ્યું. રાત્રિના ૧૧:૦૦નો સમય હતો. ચોમેર અંધારું હતું, એટલે Styxના રેમ-જેટ એન્જિન વાટે નીકળતો માત્ર આગનો ભડકો જ દેખાતો હતો.

લગભગ ૨૦ દરિયાઈ માઈલ (૩૭ કિલોમીટર) છેટે પાક યુદ્ધજહાજ ‘ખૈબર’ના તૂતક પર ફરજ બજાવતા નાવિકોએ જોયું કે તેજસ્વી પ્રકાશપિંડ તેજ ગતિએ તેમની દિશામાં ધસી આવતો હતો. ચેતવણીનું સાયરન વાગ્યું કે તરત ‘ખૈબર’નો કમાન્ડિંગ ઓફિસર એમ. એન. મલિક બ્રિજ તરફ દોડ્યો. વિમાની અટેક થતો હોવાનું તેણે ધાર્યું, તેથી બધી એન્ટિ-એરક્રાફ્ટ તોપો વડે ફાયરિંગ કરવાનો આદેશ ફરમાવ્યો. તોપગોળાની ઝડી Styxને રોકી ન શકી, ગોથ મારી તે ‘ખૈબર’ના પડખામાં વાગ્યું અને જહાજનો બોઈલર રૂમ નં. ૧ ફાટ્યો. આ રૂસી મિસાઈલની અનોખી વિશિષ્ટતા એ કે મજલ પૂરી કપાયા બાદ પણ કેટલુંક બળતણ (પરસ્પર અલિપ્ત ટાંકીમાં બે અલગ બળતણો તરીકે) બાકી રહેતું હતું. નિશાન બનતા દુશ્મન જહાજને પ્રહાર વાગે ત્યારે મિસાઈલમાં રહેલો ૫૦૦ કિલોગ્રામ HE/ હાઈ-એક્સપ્લોઝિવ દારૂગોળો ફાટવા ઉપરાંત બન્ને રસાયણોનો સંયોજનપ્રેરિત જોરદાર વિસ્ફોટ થતો હતો. ‘ખૈબર’



*મૂળ બ્રિટિશ બનાવટનું ‘ખૈબર’ લગભગ ૩,૦૦૦ ટનનું હતું. ઉપરાછાપરી બે મિસાઈલોના પ્રહારે તેને ભંગારમાં ફેરવી નાખ્યું*

એકાએક ધીમું પડીને ડાબા પડખે નમવા લાગ્યું. કમાન્ડર મલિકે કરાંચીના મેરિટાઈમ હેડક્વાર્ટર્સને તરત મદદનો સંદેશો મોકલાવ્યો : ‘હવાઈ આક્રમણ થયું છે! અમારું જહાજ ડૂબી રહ્યું છે. નાવિકોને બચાવવા માટે જલદી બંદોબસ્ત કરો !’

હવાઈ આક્રમણ થયાની ગેરસમજ પ્રવર્તતાં કિનારા પરના મનોરા, કિમારી અને થોડેક છેટે મસરુર એરબેઝ પાસેની વિમાનવિરોધી તોપો રાત્રિના આકાશ તરફ સ્ટાર શેલ્સ અને તોપગોળા ફેંકવા લાગી. મેરિટાઈમ હેડક્વાર્ટરને ‘ખૈબર’ મુસીબતમાં આવી પડ્યાનો સહેજે ખ્યાલ ન હતો. મિસાઈલના બારૂદે તેમજ બળતણે તેને આગ લગાડી હતી. કેટલાક નાવિકો ભડકા બૂઝાવવા મથી રહ્યા હતા, તો અમુક નાવિકો જહાજના સ્ફોટક ટોરપિડોને સમુદ્રમાં ફેંકવા સામૂહિક બળ લગાવી રહ્યા હતા. આ બધું જ થોડીવાર પછી વ્યર્થ સાબિત થવાનું હતું.

‘નિર્ઘાત’ના રેડાર પર ‘ખૈબર’ને દર્શાવતું લીલું ટપકું હવે સાવ મંદ ગતિએ ખસતું હતું. લેફ્ટ. કમાન્ડર શર્માને રેડાર ઓપરેટરે માહિતગાર કર્યા કે જખમી યુદ્ધજહાજનો વેગ ઘટીને ૧૧ કિલોમીટર થયો હતો. આમ છતાં રેડારના ચંદા પર તેનું સૂચક ટપકું હજી દેખાતું હતું, માટે લેફ્ટ. કમાન્ડર શર્માએ બીજું મિસાઈલ છોડવાની કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવ પાસે અનુમતિ માગી. મિશન આક્રમણનું જ હતું, એટલે યાદવે ના પાડવાનો સવાલ ન હતો. ‘નિર્ઘાત’ના મિસાઈલ ઓફિસર લેફ્ટનન્ટ કે. એમ. રાવે ૧૧:૨૦ વાગ્યે બીજું રામબાણ તાક્યું, જેણે ૧૧૬ મીટર (૩૮૦ ફીટ) લાંબા અને ૨,૯૮૫ મેટ્રિક ટનના જાજરમાન ‘ખૈબર’નો અંત લાવી દીધો. મિસાઈલે જહાજના બે ટુકડા કરી નાખ્યા. એક ટુકડો ડૂબ્યો, એટલે Rangout રેડારના ઓપરેટર ભટ્ટીએ જોયું તેમ લીલા ટપકાનું કદ અડધું બન્યું. થોડી વાર પછી બીજો ટુકડો પણ જળસમાધિ પામતાં અડધિયું ટપકું અદશ્ય બન્યું. ‘નિર્ઘાત’નો કન્ટ્રોલકક્ષ નૌકાઅફસરોના હર્ષનાદો વડે ગાજ્યો : ‘ઉસ્પ્યેક્સ! બલ્શોય ઉસ્પ્યેક્સ !’ (હિંદીમાં ‘સફળતા ! મહાન સફળતા!’ અંગ્રેજીમાં: ‘Success! Great sucess !’).

કઈ ભાષાના શબ્દો હતા ? રશિયન હતા. રશિયામાં બાર મહિના લાંબી તાલીમ દરમ્યાન શીખેલી ભાષા અહીં strategy/ વ્યૂહરચનાના દૃષ્ટિકોણે કામ લાગી રહી હતી. મુંબઈમાં ‘ઓપરેશન ટ્રાઈડેન્ટ’નો ગેમ પ્લાન જેમના માર્ગદર્શન હેઠળ રચાયો એ વાઈસ-એડમિરલ ગુલાબ હિરાનંદાનીએ

આદેશાત્મક સૂચના આપેલી કે બધી મિસાઇલ બોટ વચ્ચે આપસમાં થતો વાયરલેસ બેન્ડ પરનો વાર્તાલાપ રશિયનમાં કરવાનો હતો. ઉપરાંત દરેક બોટમાં નૌકાઅફસરો દ્વારા નાવિકોને જે રેડિઓ કમાન્ડ અપાય તેમાં પણ માત્ર રશિયન શબ્દોનો ઉપયોગ કરવાનો હતો. હિંદીનો કે અંગ્રેજીનો ભૂલેચૂકે નહિ. શું બની રહ્યું છે તે પાકિસ્તાની દુશ્મનોના પલ્લે ન પડે એ તેમને અંધારામાં રાખવા તેમજ આશ્ચર્યમાં નાખવા જરૂરી હતું. આથી વાયરલેસ સંદેશવ્યવહાર દરમ્યાન આવાં વાક્યો જ વપરાતાં હતાં : 'ઝમ્યેદલિતે ખોદ પઝાલસ્તા.' ('કૃપા કરી ધીમે હંકારો.'), 'શ્તા નિબુદ પેરેદાત ?' ('શું કોઇ સંદેશો છે?'), 'પ્રસતિત્યે, શ્તો વી સ્કઝાલી ?' ('માફ કરજો, શું કહ્યું તમે ?') 'કતોરીર્ય ચાસ ?' ('કેટલા વાગ્યા ?') 'અદિનાત્સત્ ચાસોવ.' (૧૧:૦૦ એટલે કે શબ્દશઃ અર્થ મુજબ અગિયાર કલાક).

આ જાતના VHF/ Very High Frequency વાર્તાલાપો કરાંચી નૌકામથક પર સ્પષ્ટ ઝીલાતા હતા, પણ ત્યાં ઓપરેટરોએ માન્યું કે દક્ષિણ અરબી સમુદ્રમાં સોવિયેત રશિયાનો નૌકાકાફલો કવાયત કરી રહ્યો હતો. આદમખોર ખંધા દીપડાની જેમ ભારતીય નૌકાકાફલો કરાંચી બારાના ઉંબરે આવી પહોંચ્યાનો સહેજ પણ સંકેત તેમને પામવા મળ્યો ન હતો.

બ્રિટિશ-મેઇડ 'ખૈબર' તેના ૨૨૨ બદકિસ્મત નાવિકો સાથે દરિયાપેટાળમાં પ્રવેશ્યું અને તેના શિકાર દ્વારા ભારતે મિસાઇલયુગમાં પ્રવેશ કર્યો. 'નિર્ઘાત' પછી બીજો શિકાર કરવાનો મોકો લેફ્ટ. કમાન્ડર બી. એન. કેવિનાની મિસાઇલ બોટ 'નિપાત'ને મળ્યો, જે કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવ સાથે કાફલામાં મોખરે હતી. એક નિશાન તેના Rangout રેડારે દીઠું. ગતિ પ્રમાણમાં ઓછી હતી, માટે કદાચ લડાયક જહાજ ન હતું. આમ છતાં યુદ્ધ ફાટી નીકળ્યા બાદ ભારતને પાક જળવિસ્તારમાં હંકારતા ગમે તે જહાજને ફૂંકી દેવાની આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ સત્તા હતી. 'નિપાત'ના મિસાઇલ ઓફિસર લેફ્ટનન્ટ એસ. સેને વારાફરતી બે Styxને રવાના કર્યાં. થોડી સેકન્ડ બાદ જે ભડાકા થયા તે ભીષણ હતા. જોતજોતામાં એ જહાજ છિન્નભિન્ન થયું, એટલે લેફ્ટ. કમાન્ડર કેવિનાને ખ્યાલ આવી ગયો કે તે શસ્ત્રો-ગોળા વડે ભરેલું માલવાહક જહાજ હતું.

અટકળ સાચી હતી. અમેરિકાના ભારતદ્વેષી તત્કાલીન પ્રમુખ રિચાર્ડ નિક્સન પાકિસ્તાનને (આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ જાહેર થયા છતાં) ગુપચુપ રીતે ભરપૂર શસ્ત્રો મોકલી રહ્યા હતા. મિસાઇલોનો ભોગ બનેલું 'વિનસ ચેલેન્જર'નામનું માલવાહક જહાજ ત્યારના વિયેતનામ યુદ્ધમાં વાપરવા માટેનાં શસ્ત્રો અને દારૂગોળા લાવી રહ્યું હતું. 'વિનસ ચેલેન્જર'ના બધા જ નાવિકો માર્યા ગયા. પાકિસ્તાન તેના અંજામ બાબતે દિવસો સુધી અજાણ રહ્યું. ઘણા વખત પછી ડિસેમ્બર ૫, ૧૯૭૨ના રોજ કરાંચીથી ૪૮ કિલોમીટર છેટે પાક નૌકાદળને તેનો 'મૃતદેહ' નજરે ચડ્યો. ઊંડાણ બહુ ન હતું, એટલે તેનો કૂવાસ્તંભ બેએક મીટર જેટલો સાગરસપાટીની બહાર ડોકાતો હતો.

ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે પાકિસ્તાને યુદ્ધ શરૂ કર્યું ત્યારથી 'ઝુલ્ફિકાર' નામની ફ્રિગેટ મનવાર કરાંચી બંદરગાહનો પહેરો ભરી રહી હતી. (આ મનવાર અસલમાં ભારતની 'ધનુષ', પણ ૧૯૪૭માં ભાગલા વખતે પાકિસ્તાની નૌકાદળને ફાળવવામાં આવી હતી). મધ્યરાત્રિએ 'ઝુલ્ફિકાર'ની ફરજના કલાકો પૂરા થતાં 'મુહાફિઝ' નામનું minesweeper/ સુરંગો ખસેડનાર જહાજ તેને મુક્ત કરવા આવ્યું. સમય રાત્રિના ૧૧:૨૦ વાગ્યાનો હતો--બિલકુલ એ જ સમય કે જ્યારે 'નિર્ઘાત'ના બીજા મિસાઇલે 'ખૈબર'નું ફિફ્ટી-ફિફ્ટી કર્યું હતું. અગ્રેસર 'નિપાત'ની જમણી તરફ સહેજ પાછળ ૨.૫ કિલોમીટરના અંતરે હંકારતી લેફ્ટનન્ટ-કમાન્ડર ઓ. પી. મહેતાની 'વીર'ના રેડારે 'મુહાફિઝ'ને ફ્લુરોસન્ટ લીલા ટપકારૂપે ડિસ્પ્લે કર્યું. 'વીર'નું એન્ટિ-શિપ મિસાઇલ છૂટ્યાની થોડીક ક્ષણો બાદ તે ડિસ્પ્લે ન રહ્યો. માઇનસ્વીપર જહાજે દરિયા પરની મેગ્નેટિક સુરંગો/ mines સાથે કામ પાડવાનું હોય, એટલે 'મુહાફિઝ' લોખંડને બદલે લાકડાનું બનેલું હતું. એક જ ફટકે તેની કાયાના એવા તો ફૂરચા થયા કે તેના લેફ્ટનન્ટ-કમાન્ડર એમ. એસ. ઉસ્માનીને મદદનો સંદેશો પ્રસારિત કરવાનો પણ સમય ન મળ્યો. ધડાકાથી ફેંકાઇને જે નાવિકો સમુદ્રમાં પડ્યા તે પૈકી કેટલાક જીવતા બચ્યા, પણ ૩૩ નાવિકો તો મિસાઇલના પ્રહારે જ તત્ક્ષણ ખતમ થઇ ગયા.

મિસાઇલ બોટ 'નિપાત' માટે ત્યાર પછીનું નિશાન સામે ચડીને રેડારના દષ્ટિફલકમાં આવ્યું. ડિસ્ટ્રોયર પ્રકારનું તે ૧૧૧ મીટર (૩૬૩ ફીટ) લાંબું અને ૨,૨૮૫ મેટ્રિક ટન વજનનું 'શાહજહાઁ' હતું. વિયેતનામથી શસ્ત્રભંડાર લાવી રહેલા પેલા ભાડૂતી લાઇબેરિયન માલવાહક જહાજ 'વિનસ ચેલેન્જર'ને કરાંચી ગોદી તરફ દોરી જવા ભોમિયા તરીકે સામું જતું હતું. 'નિપાત'ના મિસાઇલનો ઘા તેને પડખામાં વાગ્યો. દરિયામાં

> **ખૈબર'ના કમાન્ડર મલિકે કરાંચીના મેરિટાઇમ હેડક વાર્ટર્સને તરત મદદનો સંદેશો મોકલાવ્યો : 'હવાઇ આક્રમણ થયું છે ! અમારું જહાજ ડૂબી રહ્યું છે. નાવિકોને બચાવવા માટે જલદી બંદોબસ્ત કરો !'**

તે સહેજ ગરક થયું, પણ ડૂબ્યું નહિ. પંગુ સ્થિતિમાં ધીમે ધીમે કરાંચી નૌકામથકે પહોંચ્યું. મિસાઈલે ખાસ્સું નુકસાન પહોંચાડ્યું હતું, માટે તે જહાજને ભંગાર ખાતે માંડી વાળ્યા સિવાય બીજો રસ્તો ન હતો.

કમાન્ડિંગ ઓફિસર બાબરુ યાદવે દુશ્મનોની રહીસહી નૈતિક હિંમત તોડી નાખવા માટે 'ઓપરેશન ટ્રાઈડેન્ટ'ના આખરી દોરમાં જે પગલું ભર્યું તે Styx/ સ્ટિક્સના સર્જક રશિયનોને પણ ચકિત્ કરી દેવાનું હતું. આઈડિઆ મૂળ તો નૌકાસેનાપતિ એડમિરલ સરદારીલાલ નંદાનો હતો. અગાઉ મોસ્કોમાં રશિયન નૌકાઅફસરોએ મિસાઈલનો ટેક્નિકલ પરિચય કરાવતી વખતે તેમને માહિતી આપેલી કે એન્ટિ-શિપ Styx દુશ્મન જહાજના સ્ટીલને 'સૂંઘી' કાઢી તેની દિશામાં ધસી જતું હતું. સ્ટીલ પ્રત્યે મિસાઈલને ચુંબકીય આકર્ષણ હોવાનું જાણ્યા પછી એડમિરલ નંદાએ (મિસાઈલની ખરીદી બાદ) પ્રયોગ યોજ્યો. ધાતુના સંખ્યાબંધ ગોળા તૈયાર કરાવ્યાં, તેમનું ઝૂમખું સમુદ્ર પર તરતું રખાવ્યું અને પછી ૪૮ કિલોમીટર છેટેથી મિસાઈલને આપમેળે નિશાન શોધી કાઢવા દાગ્યું. મિસાઈલે તેમની ધારણા મુજબ સાચે જ મોતી વીંધી બતાવ્યું.

આ પ્રયોગને 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' સાથે નાતો એ વાતે કે કરાંચીના સાગરકિનારે દોઢેક કિલોમીટર લાંબા કિમારી બેલ્ટ પર આયાતી પેટ્રોલિયમની ટાંકીઓ હતી. સંખ્યા ઘણી હતી, કેમ કે સમગ્ર દેશની જરૂરિયાત માટેનું પેટ્રોલિયમ તેલવાહક જહાજો દ્વારા પાકિસ્તાનના તે એકમાત્ર બંદરે આવતું હતું. પુષ્કળ બફર સ્ટોક રાખવો પડતો હતો. ગંજાવર કિમારી રિફાઈનરી પણ ત્યાં હતી. ટાંકીઓ સ્ટીલની અને રિફાઈનરી પણ સ્ટીલની, તો પછી એન્ટિ-શિપ મિસાઈલ તેમને શિપ કેમ ન ધારી લે ? અવશ્ય ધારી લે.

'નિપાત'ના ભાથામાં બે Styx મિસાઈલ બાકી હતાં. કમાન્ડિંગ ઓફિસર યાદવ તે બન્ને આયુધો વડે દુશ્મનના છેક દરવાજે પહોંચી સરિયામ સત્યાનાશી નીવડે એવો છેલ્લો ઘા મારી લેવા માગતા હતા. ભારતીય નૌકાદળના હાથ કેટલા લાંબા છે તેની પ્રતીતિ દુશ્મનને પદાર્થપાઠ તરીકે કરાવવાની હતી. 'નિપાત'ને કાંઠા તરફ આગળ ધપાવવાની તેમણે લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિનાને સૂચના આપી. રેડાર સ્ક્રીન પર કરાંચીના દરિયાકિનારાની આકૃતિ ફ્લુરોસન્ટ છાયાકૃતિના સ્વરૂપે દેખાતી હતી. અંતર ઘટીને ૧૪-૧૫ કિલોમીટર જેટલું થયું ત્યારે દૃશ્ય એકદમ સ્પષ્ટ બન્યું. કિમારી રિફાઈનરીને તેમજ પેટ્રોલિયમની ટાંકીઓને બરાબર ઓળખી શકાતી હતી.

ફાયરિંગનો આદેશ મળતાં 'નિપાત'ના મિસાઈલ ઓફિસર લેફ્ટનન્ટ એસ. સેને Styx દાગવાનું બટન દાબ્યું, પણ કશીક ખરાબીને લીધે એ રામબાણ તેના ભાથાની બહાર આવ્યું નહિ. એક જ મિસાઈલ ત્યાર પછી બાકી રહ્યું. ધમધમાટી બોલાવતું તે વછૂટ્યું અને Kimari Oil Farm તરીકે ઓળખાતા સંકુલ પર ટીચાયું કે તરત દાવાનળ સળગ્યો. વિશાળકાય ૨૨ ફ્યૂલ ટેન્ક ઝડપી ક્રમમાં ફાટી અને પછી વધુ ને વધુ રૌદ્ર સ્વરૂપ પકડતી જે આગ ભભૂકી તેના ભડકા લગભગ ૯૦ કિલોમીટર છેટે સુધી દેખાતા હતા. 'નિપાત' પરનો નિર્મલસિંહ નામનો અતિશય જુસ્સાવળો નાવિક જોરમાં બરાડ્યો : 'આઓ સાલો, હિંમત હૈ તો આઓ ! તુમ્હે ઓર ભી બતાયેંગે !' કુરુક્ષેત્રના અર્જુન જેવી મનોદશામાં ક્યારેક સરી પડતા લેફ્ટનન્ટ-કમાન્ડર બી. એન. કેવિના વિનાશનું દૃશ્ય જોવાને બદલે Operation Tridentના વળતા પ્રવાસની વિગતોના ચાર્ટ તપાસવા જતા રહ્યા. 'નિપાત'ના સુકાનીએ મોરો ઘૂમાવ્યો અને માંગરોળ તરફની સફરનો આરંભ થયો તે પછી તેમના અંગત ફૌજી સેવક જે. સિંહે પૂછ્યું : 'સર ખાના લાઉં ?' કેવિનાએ ના પાડી, કેટલાક સમય બાદ ફરી પૂછતાં ફરી ના કહી અને છેવટે જે. સિંહે ગરમ ભોજનની પ્લેટ જ તેમની સમક્ષ મૂકી દીધી. 'સર, અબ ખાઓ. બહોત હો ગયા.'

**પાક નૌકાદળનું 'મુહાફિઝ' જહાજ લોખંડને બદલે લાકડાનું બનેલું હતું. 'વીર'ના મારકણા મિસાઈલના એક જ ફટકે તેની કાયાના એવા તો ફૂરચા થયા કે કપ્તાનને મદદનો સંદેશો પ્રસારિત કરવાનો પણ સમય ન મળ્યો**

આ વાક્ય મુજબ સાચે જ 'બહોત હો ગયા' જેવું બન્યું હતું. કિમારીના ભડકા ચાર દિવસ સુધી શમ્યા નહિ. કરાંચી ઝોન માટે જરૂરી ૫૦% કરતાં વધુ બળતણનો પુરવઠો નાશ પામ્યો. કરાંચી બંદરની ઢાંચાગત વ્યવસ્થાનો ખાસ્સી હદે દાટ વળ્યો. બધું મળીને નુકસાન અંદાજે ૩ અબજ ડોલરનું થયું, જે ૧૯૭૧ની સાલમાં તો બહુ મોટો આંકડો હતો.

ભારતીય નૌકાદળના ઈતિહાસને સોનેરી કલગી લગાડી દેનાર કમાન્ડર બાબરુ ભાણ યાદવ અને તેમના બધા શેર-એ-હિંદ માટે નૌકાસેનાપતિ નંદાનો મેસેજ હતો : 'Operation Trident successful. Karachi ablaze. I am proud of you.'

બીજો કયો એવો ભારતવાસી કે જેણે પણ મનોમન એ જાતના મેસેજને પોતાના અંતરની પાંખે સવાર કરવી એ યુદ્ધવીરોને પાઠવ્યો નહિ ?

■

સૌથી પહેલી લખવા જેવી વાત હવે સૌથી છેલ્લ :

દરિયાસમ્રાટ સારખેલ (એડમિરલ) કાન્હોજી આંગ્રેના ભારતમાં ૧૯૪૭ પછી નૌકાદળ હંમેશાં ઓરમાયું ગણાતું રહ્યું હતું. ખુશ્કીદળને તથા હવાઈદળને પ્રાધાન્ય મળે, પણ નૌકાદળને ડિફેન્સ બજેટમાં ૧૨% થી ૧૫% કરતાં વધુ રકમ ફાળવાય નહિ. (૨૦૧૬માં અપાયેલો બટકું રોટલો : ૧૪%). દેશનો સાગરકાંઠો ૭,૫૦૦ કિલોમીટર લાંબો હોવા છતાં દરેક વડા પ્રધાને ભારતીય નૌકાદળનું સ્થાન હાંસિયામાં રાખ્યું હતું.



આગની પ્રચંડ જ્વાળાઓમાં લપટાયેલી કિમારી રિફાઈનરી

ઈન્દિરા ગાંધીનો દૃષ્ટિકોણ પણ જુદો ન હતો. લશ્કરની ત્રણેય પાંખોના સેનાપતિઓને તેઓ ચર્ચા-સલાહ માટે પોતાની સાઉથ બ્લોક ઓફિસે બોલાવે ત્યારે ખુશ્કીદળના જનરલ અને હવાઈદળના એર-ચીફ માર્શલ જોડે તેમનો વાર્તાલાપ લાંબો સમય ચાલે. ઈન્દિરા ત્યાર બાદ પોતાની રિસ્ટ વોચ સામે જુએ. મીટિંગનો સમય પૂરો થયાનું પોતાની એ બોડી લેન્ગવેજ વડે દર્શાવ્યા બાદ એડમિરલ નંદાને પૂછે : 'તમારે નૌકાદળ વતી કંઈ કહેવાનું છે, એડમિરલ ?'

'ના, મારે કંઈ કહેવાનું નથી.' નૌકાદળની ઉપેક્ષાથી નારાજ રહેતા નંદા ઘણીવાર આવો જવાબ આપતા હતા. વર્ષોથી ભારતીય નૌકાદળે જે કહેવાનું બાકી રહેલું અને જે કહેવાનો મોકો પણ તેને ન મળેલો એ બધું તેણે અંતે ડિસેમ્બર ૩-૪, ૧૯૭૧ની એક જ રાતમાં કહી નાખ્યું. ●